RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 100* Date: 06.02.2021 Saturday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### આરબીઆઇની નવી ક્રેડિટ પોલિસી જાહેર: વ્યાજદરમાં કોઇ ફેરફાર નહીં

# બજેટ બાદ આરબીઆઇનો પણ સામાન્ય લોકોને ઠેંગો

### રેપો રેટ ૪ ટકા તથા રિવર્સ રેપો રેટ ૩.૩૫ ટકા યથાવત રહેશે, ૨૦૨૧-૨૨માં જીડીપી વૃધ્ધિદર ૧૦.૫ ટકા રહેવાનું અનુમાન, અર્થતંત્રની ગતિ હવે માત્ર ઉપર તરફ જ હોવાનો દાવો

*મુંબઈ,તા.૫*

રિઝર્વ બેક્કે રેપો રેટને ૪ ટકા અને રિવર્સ રેટને ૩.૩૫ ટકા યથાવત રાખ્યો છે. બજેટ બાદ આરબીઆઈએ પણ લોકોને નિરાશ કર્યા છે. રિઝર્વ બેક્ક દર બે મહિને દરોને બદલવા અથવા બદલવા અંગે બેઠક કરે છે. તેમાં તેમની ૬ લોકોની ટીમ હોય છે. આરબીઆઈ ગવર્નર શક્તિકાંત દાસે ૨૦૨૧-૨૨ માટે જીડીપીમાં ૧૦.૫%ના ગ્રોથનું અનુમાન વ્યક્ત કર્યું છે. એમપીસીની બેઠક બુધવારે ૩ ફેબ્રુઆરીથી શરૂ થઈ હતી.

જાણકારોને પહેલાં આશા હતી કે આરબીઆઈ રેપો રેટમાં કાપ મૂકવાથી બચશે. રેપો રેટનો અર્થ આરબીઆઈ દ્વારા બેક્કોને આપવામાં આવતી લોન પરનો વ્યાજદર છે. ખાસ વાત એ છે કે એક ફેબ્રુઆરીએ રજૂ થયેલા બજેટ ૨૦૨૧-૨૨ બાદ આરબીઆઈની આ પ્રથમ બેઠક છે. રિઝર્વ બેક્કે ગત વર્ષના ફેબ્રુઆરીથી અત્યારસુધીના રેપો રેટમાં કુલ ૧૧૫ બેસ પોઈન્ટ ઘટાડો કર્યો છે.

આરબીઆઈએ વ્યાજદરોમાં કોઈ ફેરફાર કર્યા નથી. એટલે કે રેપોરેટ ૪ ટકા અને રિવર્સ રેપોરેટ ૩.૩૫ ટકા પર યથાવત રાખવામાં આવ્યો છે.

રિઝર્વ બેક્કે કહ્યું, ચેક ટ્રંકેશન સિસ્ટમ દરેક બેક્કોની દરેક બ્રાન્ચમાં લાગુ કરવામાં આવશે. અત્યારે ૧૮,૦૦૦ બ્રાન્ચમાં આ સુવિધા નથી. રિઝર્વ બેક્કે કહ્યું, લોકોને ડિજિટલ પેમેન્ટ સેવામાં આવતી કોઈ પણ સમસ્યાને દૂર કરવા માટે દરેક પેમેન્ટ સિસ્ટમ ઓપરેટર્સને એક ૨૪x૭ની હેલ્પલાઈન શરૂ કરવામાં આવશે.

રિઝર્વ બેક્કે ગવર્નરને કહ્યું કે, અત્યારે બેક્ક, એનબીએફસી અને નોન-બેક્ક પ્રીપેડ પેમેન્ટ ઈશ્યુઅર (PPIs) માટે ત્રણ અલગ અલગ લોકપાસની વ્યવસ્થા છે. તે માટે રિઝર્વ બેક્કે અંદાજે ૨૨ લોકપાલ ઓફિસ બનાવી છે. તે માટે દરેકને એકીકૃત કરીને એક દેશ એક લોકપાલની વ્યવસ્થા કરવામાં આવશે.

રિઝર્વ બેક્કે આગામી નાણાકીય વર્ષે ૨૦૨૧-૨૨માં જીડીપીમાં ૧૦.૫ ટકાના વધારાનું અનુમાન લગાવ્યું છે. ઉલ્લેખનીય છે કે બજેટમાં એ ૧૧ ટકા થવાનું અનુમાન લગાવ્યું છે.

રિઝર્વ બેક્કે કહ્યું રિટેલ મોંઘવારી ૬ ટકા કરતાં ઓછી રહેવાની શક્યતા છે. રિઝર્વ બેક્કે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં પહેલાં છ મહિનાની રિટેલ મોંઘવારીનો અંદાજ વધારીને પથી ૫.૨ ટકા કરી દીધો છે. પહેલાં આ ૪.૬થી ૫.૨ ટકા કરવામાં આવ્યો હતો. આરબીઆઈ ગવર્નરે કહ્યું ધીરે ધીરે ઘરોના વેચાણમાં સુધારો થયો છે. તે સાથે જ હવે લોકોની ખર્ચ કરવાની ક્ષમતામાં ફરી રિકવરી થઈ રહી છે. તાજેતરમાં જે સામાન્ય બજેટ રજૂ કરવામાં આવ્યો છે તેનાથી રોકાણની સ્થિતિમાં સુધારો થયો છે.



શક્તિકાંત દાસે કહ્યું કે, હવે સામાન્ય રોકાણકારોને પણ રિઝર્વ બેક્કમાં ગિલ્ટ એકાઉન્ટ ખોલવાની સુવિધા આપવામાં આવશે. નાના રોકાણકારો હવે પ્રાઈમરી એન્ડ સેકેન્ડરી ગવર્નમેન્ટ બોન્ડમાં રોકાણ કરી શકશે.

રિઝર્વ બેક્કે કહ્યું કે, કેશ રિઝર્વ રેશિયોમાં અત્યારે કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. પરંતુ આગામી બે પેઝમાં વધારીને ૪ ટકા કરવામાં આવશે. માર્ચ ૨૭ સુધી તે ૩.૫ ટકા અને ૨૨ મે સુધી ૪ ટકા થશે. શક્તિકાંત દાસે કહ્યું છે કે, સહકારી બેક્કોને મજબૂત બનાવવા માટે એક્સપર્ટ કમિટી બનાવવામાં આવશે. જે સૂચનો આપશે કે આ સેક્ટરને કેવી રીતે મજબૂત કરી શકાય અને તે માટે શું કાયદાકીય ફેરફાર જરૂરી છે.

### રાજ્યસભામાં ખેડૂતો મુદે પક્ષ-વિપક્ષ આમને-સામને

# સરકાર સંશોધન માટે તૈયાર, એનો મતલબ કૃષિ કાયદામાં કમી નહિ: તોમર

### લોહીથી ખેતી ફક્ત કોંગ્રેસ જ કરી શકે, ભાજપ નહીં, દેશમાં વહી રહી છે અવળી ગંગા

ન્યુ દિલ્હી,તા.૫

કેન્દ્રીય કૃષિ મંત્રી નરેન્દ્ર સિંહ તોમરે રાજયસભામાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર ચર્ચામાં ભાગ લીધો હતો. સદનમાં ખેડૂત આંદોલનને લઈને પણ ચર્ચા કરી હતી. તોમરે નવા કૃષિ કાયદા પર ચાલી રહેલા વિવાદનો ઉલ્લેખ કરતા કંઈક કહ્યું હતું કે વિરોધ પક્ષ પણ હસી પડ્યો હતો. તોમરે કોંગ્રેસ પર આકરા પ્રહારો પણ કર્યા હતાં. નરેન્દ્ર સિંહ તોમરે કહ્યું હતું કે, ત્રણેય કૃષિ કાયદાઓનો મુદ્દો હાલ જ્વલંત છે. હું વિરોધ પક્ષના નેતાઓને ધન્યવાદ દેવા માંગુ છું કે, તેમને સરકારને કોસવામાં સહેજ પણ કંજુસાઈ કરી નથી. કાયદાને કાળો કાયદો પણ ભારપૂર્વક કહેવામાં આવ્યો. બસ આમ કહેતા જ વિરોધ પક્ષના સાંસદો ખડખડાટ હસી પડ્યા હતાં. ગુલામ નબી આઝાદ અને આનંદ શર્મા તો મોં દબાવીને હસતા નજરે પડ્યાં હતાં.

તોમરે આગળ ઉમેર્યુ હતું કે, હું બે મહિનાથી ખેડૂતોના યૂનિયનોને પણ એ જ પુછી રહ્યો છું કે, કૃષિ કાયદામાં કાળુ શું છે? મને કહો તો હું તેને સુધારવાનો પ્રયાસ કરીશ. મેં બધાની વાતો સાંભળી પન કાયદાની જોગવાઈ ખેડૂતો માટે પ્રતિકૂળ કેવી રીતે છે તે વાત કોઈએ હજી સુધી કરી નથી.

કૃષિ મંત્રીએ કહ્યું હતું કે, કેન્દ્ર સરકારનો કાયદો ટેક્ષને ખતમ કરે છે જયારે રાજય સરકારનો એક્ટ ટેક્ષ આપવા બાધ્ય કરે છે. હવે આ આંદોલન ટેક્ષ બંધ કરે છે તેના વિરૂદ્ધ હોવું જોઈએ કે ટેક્ષ લેનારાઓ વિરૂદ્ધ? પરંતુ દેશમાં તો અવળી ગંગા વહી રહી છે. ભારતની સરકાર સંપૂર્ણ રીતે ખેડૂતો પ્રત્યે સમર્પિત છે. અમે ખેડૂતોને સમ્માન આપવાનો પ્રયાસ કરી રહ્યાં છીએ. ૧૨ વાર સમ્માનસહ બોલાવીને વાત કરવામાં આવી. અમે એક પણ શબ્દ ખેડૂતો વિરૂદ્ધ બોલ્યા નથી. હાં, અમે એમ જરૂર કહ્યું છે કે, જો જોગવાઈમાં કોઈ ભૂલ હોય તો



અમારૂ ધ્યાન જરૂરથી દોરો. અમે તેમની ભાવનાને ધ્યામાં રાખીને જે બિંદુઓ ચિન્હિત કરી શકાય તેને કર્યા પણ.

કૃષિ મંત્રીએ કહ્યું હતું કે, અમે ખેડૂતોના એક પછી એક પ્રસ્તાવ આપવાનો પ્રયાસ કરી રહ્યાં છીએ. પરંતુ સાથે જ મેં એમ પણ કહ્યું હતું કે, ભારત સરકાર કોઈ પણ સંશોધન માંટે તૈયાર છે પરંતુ તેનો અર્થ એ નથી કે કાયદામાં કોઈ ભુલ છે. પરંતુ ખેડૂતો હજી આંદોલન કરી રહ્યાં છે. એક આખા રાજયમાં લોકો ગેરમાન્યતાનો ભોગ બન્યા છે. ખેડૂતોને એ વાતે ભરમાવવામાં આવ્યા છે કે, આ કાયદાથી તમારી જમીનો છીનવાઈ જશે. હું જાણવા માંગુ છું કે કોન્ટ્રાક્ટ ફાર્મિંગમાં કોઈ એક જોગવાઈ આ પ્રકારની હોવાનું જણાવે. દુનિયા આખી કહે છે કે પાણીથી ખેતી થાય છે પરંતુ કોંગ્રેસ જ એક એવી પાર્ટી છે જે લોહીથી પણ ખેતી કરી શકે છે. ભારતીય જનતા પાર્ટી ક્યારેય આ પ્રકારે લોહીની ખેતી નથી કરતી. આમ કહેતા જ કોંગ્રેસે હોબાળો મચાવવાનું શરૂ કરી દીધું હતું.

### દિલ્હીમાં આ ચક્કાજામ નહિ થાય: ટિકૈત

# ખેડૂત આંદોલન: આજે ખેડૂતો દેશભરમાં હાઇ-વે ચક્કાજામ કરી વિરોધ કરશે

ન્યુ દિલ્હી,તા.૫

કૃષિ કાયદાના વિરોધમાં ખેડૂતોનુ હલ્લા બોલ છેલ્લા ૭૨ દિવસોથી ચાલુ છે. સરકાર અને ખેડૂતો વચ્ચે કૃષિ કાયદા પર ઘણા પ્રકારની વાતો થઈ પરંતુ બધી નિષ્પરિણામ રહી. એવામાં હવે ખેડૂતોએ કાલે એટલે કે ૬ ફેબ્રુઆરીએ ચક્કાજામનુ એલાન કર્યુ છે. દેશભરમાં ખેડૂતો હાઈવે જામ કરીને પોતાનુ વિરોધ પ્રદર્શન કરશે. આ દરમિયાન ખેડૂત આંદોલનનુ નેતૃત્વ કરી રહેલ ખેડૂત નેતા રાકેશ ટિકૈતનુ કહેવુ છે કે દિલ્લીમાં આ ચક્કાજામ નહિ થાય.

ભારતીય ખેડૂત સંગઠનના રાષ્ટ્રીય પ્રવકતા રાકેશ ટિકેતે જણાવ્યુ કે ૬ ફેબ્રુઆરીએ દિલ્લીમાં ચક્કાજામ નહિ થાય. વળી, તેમણે આંદોલનનુ સમર્થન કરી રહેલા લોકોને અપીલ કરીને કહ્યુ કે જે લોકો પ્રદર્શન સ્થળ પર નથી આવી શક્યા તે પોતાની જગ્યાએ શાંતિપૂર્ણ રીતે પોતાનો વિરોધ દર્શાવે. ખેડૂતો કાલે દેશભરમાં ત્રણ કલાક માટે ચક્કાજામ કરશે. આ દરમિયાન નેશનલ અને સ્ટેટ હાઈવે પર વાહનોની અવરજવર અવરોધશે.

ખેડૂત કૃષિ કાયદાના પાછો લેવા અને એમએસપી પર કાયદો બનાવવાની માંગ પર અડેલા છે. તેમણે બજેટમાં ખેડૂતોની નજરઅંદાજ કરવા, પ્રદર્શન સ્થળ પર ઈન્ટરનેટ બંધ કરવા સહિત ઘણા મુદ્દાઓના વિરોધમાં ચક્કાજામ કરવાનુ એલાન કર્યુ છે. ખેડૂત સંગઠનના નેતાઓના જણાવ્યા મુજબ શનિવારે બપોરે ૧૨ વાગ્યાથી ૩ વાગ્યા સુધી રસ્તાને જામ કરીને સરકાર સુધી પોતાનો અવાજ પહોંચાડીશુ. ખેડૂત નેતાઓનુ કહેવુ છે કે તેમને આ બજેટથી ઘણી આશા હતી પરંતુ સરકારે તેમના માટે કંઈ કર્યુ નહિ. સરકાર ના તો અમારી માંગો માની રહી છે અને ના ખેડૂતો માટે કામ કરી રહી છે.

તમને જણાવી દઈએ કે નવેમ્બરથી સિંધુ, ગાઝીપુર સહિત દિલ્લીની ઘણી બૉર્ડર વિસ્તારો પર હજારોની સંખ્યામાં ખેડૂતો ધરણા પર બેઠા છે. આ પહેલા ૨૬ જાન્યુઆરીએ થયેલી ટ્રેક્ટર પરેડમાં શામેલ અમુક ઉપદ્રવી લાલ કિલ્લા પર પહોંચી ગયા હતા અને ત્યાં તેમણે જોરદાર હિંસા કરી હતી. ગણતંત્ર દિવસ જેવી સ્થિતિ ફરીથી ન બને તે માટે સરકાર પણ સુરક્ષા વ્યવસ્થામાં લાગી છે.

# ચીની સેનાએ કરાકોરમના પહાડો પર મોટી સંખ્યામાં ઘાતક ટેન્ક તૈનાત કરી

*ન્યુ દિલ્હી,તા.૫*

પૂર્વ લદ્દાખમાં ભારતની સાથે ચાલી રહેલા તણાવની વચ્ચે ચીની સેનાએ કરાકોરમના પહાડો પર મોટી સંખ્યામાં પોતાના સૌથી ઘાતક ટેક્ Type 99Aને તૈનાત કરી દીધા છે. ચીનના સરકારી અખબાર ગ્લોબલ ટાઈમ્સના મતે ચીનની આ ટેક્ક અંદાજે ૫૦૦૦ મીટરની ઊંચાઇ પર તૈનાત કરાઇ છે. ચીને તાજેતરમાં પોતાની નવી ૧૫ ટેક્કના પહેલાં જથ્થાને પણ સામેલ કર્યો છે જે ટાઇપ 99Aની સાથે મળી જંગના મેદાનમાં ઉતરશે. ચીની અખબારે કહ્યું કે જો ફાયર પાવરની વાત કરીએ તો ટાઇપ ૯૯એ ટેક્ક ચીનની સૌથી ઘાતક ટેક્ક છે. તો ટાઇપ ૧૫ ટેક્ક ખૂબ જ ઝડપથી પ્રહાર કરવામાં સક્ષમ છે. આવો જાણીએ આ ચીની ટેક્ક ભારતના T-90 ટેક્કની સામે કયાં છે.

ચીની નિષ્ણાતોનું કહેવું છે કે ભારે વજનવાળા ટાઇપ ૯૯છ મુખ્ય યુદ્ધક ટેક્ક ઑક્સિજનની અછત અને પહાડી વિસ્તારના લીધે પૂર્વ લદ્દાખમાં બહુ ખાસ કારગર નથી. જો કે Type 99Aની બેજોડ તાકાત નિર્ણાયક છે. ચીની નિષ્ણાતોએ કહ્યું કે ટાઇપ ૧૫ લાઇટ ટેક્ક જો યુદ્ધ દરમ્યાન ફસાય છે તો તેની મદદ માટે Type 99A ટેક્ક જંગના મેદાનમાં ઉતારી શકે છે. બીજીબાજુ સ્વતંત્ર નિષ્ણાતોનું કહેવું છે ચીનનો આ મુખ્ય યુદ્ધક ટેક્ક અમેરિકા કે રૂસના કોઇ ટેક્કથી નબળી નથી. ચીનની આ થર્ડ જનરેશનની ટેક્ક છે અને તેની અંદર ઘાતક દારૂગોળો મોટા આકારના ગોળા દાગનાર તોપો અને શ્રેષ્ઠ ફાયર કંટ્રોલ સિસ્ટમ તથા એડવાન્સડ ઈલેક્ટ્રોનિક સિસ્ટમ છે.

ચીન ટાઇપ ૯૯એ ટેક્ક ભારતની ટી-૯૦ ટેક્ક કરતાં ભારે છે તેને ભારતીય સેનાએ પૂર્વ લદ્દાખમાં ડ્રેગનના દુસાહસના જવાબ આપવા માટે તૈનાત કરી છે. ટી-૯૦ ટેક્કનું વજન ૪૮ ટન છે તો ચીનના ટાઇપ ૯૯એ ટેક્કનું વજન ૫૭ ટન છે. નિષ્ણાતોનું કહેવું છે કે લદ્દાખના પહાડી વિસ્તારોમાં જે ટેક્ક વધુ હલકી હશે તે વધુ કારગર નીવડશે. ચીન અને ભારત બંનેની ટેક્ક એન્ટી ટેક્ક મિસાઇલ ફાયર કરવામાં સક્ષમ છે.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૨૬૭**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૨૬૨૯૪૮**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૦૧**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૪૨૫**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૨૫૫૯૧૪**

# રાજ્યસભાના સાંસદો માટે ભાજપે જાહેર કર્યૂ વ્હિપ, કૃષિ કાનૂનોને પરત ના લેવા સરકાર મક્કમ

ન્યુ દિલ્હી,તા.૫

કૃષિ કાનૂનોના વિરોધમાં ખેડૂતોનું આંદોલન પાછલા બે મહિનાથી પણ વધારે સમયથી ચાલી રહ્યું છે. આ વચ્ચે કેન્દ્ર સરકાર પર કાનૂનોને પરત લેવા માટે વિપક્ષની સાથે-સાથે અલગ-અળગ રાજ્યો અને સાથી પાર્ટીઓથી પણ દબાણ વધ્યું છે. જોકે, સરકાર હવે આ મુદ્દા ઉપર નમતું જોખવા માટે તૈયાર નથી. આને લઈને ભાજપાએ રાજયસભામાં સાંસદોને ત્રણ લાઈનનું વ્હીપ રજૂ કર્યું છે. જેમાં સાંસદોને ૮માંથી ૧૨ ફેબ્રુઆરી વચ્ચે સંસદમાં હાજર રહેવા માટે કહેવામાં આવ્યું છે, જેથી કૃષિ કાનૂનો પર પાર્ટીનો પક્ષ મજબૂતીથી રાખવામાં આવી શકે.

ઉલ્લેખનિ છે કે, ખેડૂત આંદોલનની ગૂંજ વિદેશ સુધી સંભળાવવા લાગી છે. એક તરફ અમેરિકાએ નિવેદન રજૂ કરીને કૃષિ કાયદાઓનું સમર્થન કર્યું છે તો કેટલાક વિદેશી સેલિબ્રેટિઝ આંદોલનના સમર્થનમાં સોશિયલ મીડિયા પર વિચાર રાખવામાં આવી રહ્યો છે. વિદેશીઓને દખલ પર ભારતે વાંધો ઉઠાવ્યો છે.

ખેડૂતો નેતાઓએ ૬ જાન્યુઆરીએ ચક્કાજામ કરવાનો નિર્ણય કર્યો છે. આ નિર્ણય પછી પોલીસ પ્રશાસન આ વિરોધ પ્રદર્શનને રોકવામાં લાગી ગયું છે. બોર્ડર સીલ કરવામાં આવી રહ્યાં છે અને હાઈવે ઉપર પણ અનેક જગ્યાઓ પર બેરિકેડિંગ કરી દેવામાં આવી છે. જોકે, ખેડૂત પાછળ હટવા માટે તૈયાર નથી. તો બીજી તરફ પશ્ચિમ યૂપીમાં ખેડૂત મહાપંચાયતોના આયોજનની જાહેરાત પણ કરી ચૂક્યા છે. આ આંદોલને પશ્ચિમ યુપીમાં મુસ્લિમો અને જાટોને એકસાથે લાવીને ઉભા કરી દેતા એક નવી જ પરિવર્તનના પવન ફૂંકાઈ રહ્યાં છે. ખેડૂત યૂનિયનો સાથે એક વખત ફરીથી મુસ્લિમો જોડાઈ રહ્યાં છે.

# તંત્રી સ્થાનેથી...

## ભાજપના ઉમેદવાર પસંદગી નિર્ણયોથી બળવો થવાની શક્યતા કેટલી.....?

ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખશ્રીના દિશા નિર્દેશ બાદ પ્રદેશ ચૂંટણી કમિટીએ જે નિર્ણયો ચૂંટણી ઉમેદવાર પસંદગી માટેના કરવા સાથે તેનો અમલ ઉમેદવાર પસંદગીમાં કરતા અચ્છા ભલા પ્રજાથી દૂર રહેલા કે લોકોમા અપ્રિય થઈ જનાર તેમજ પોતાને સર્વજ્ઞ માની મતદારો સાથે વર્તન વ્યવહાર કરનારાઓ ઉપરાંત પ્રજાકિય પ્રાથમિક કામો અંગે ધ્યાન ન આપનારાઓની મોટાભાગે બાદબાકી થઈ ગઈ છે. દેશમાં યુવાઓની વસતી પણ વધી છે ત્યારે યુવાનોને ચૂંટણી ઉમેદવાર તરીકે પસંદ કરીને યુવા વર્ગમાં તેમાંય ખાસ કરીને ભાજપ કાર્યકરોમાં ખુશીની લહેર પ્રસરાવી દીધી છે. ગુજરાત ભાજપાએ જે હિંમત બતાવી નવો ચીલો ચાતર્યો છે તે આમ પ્રજામાં પ્રશંસનીય બની રહ્યો છે... જ્યારે કે કોંગ્રેસ સહિતના પક્ષો આવો નિર્ણય કરવાથી દૂર રહ્યા છે.....! મહાનગરપાલિકાઓમાં મોટાભાગના ૬૦ વર્ષથી ઉપરની ઉંમરના તેમ જ ત્રણ ટર્મથી ચૂંટાતા આવેલાઓની બાદબાકી કરી નાખવામાં આવી છે.જે એક નવ યુવાનોને ઉમદા તક આપતું પગલું છે. આમ છતાં ક્યાંક ક્યાક ભાજપાએ પક્ષ પલટુઓને ટિકિટ આપી છે તો ક્યાંક નેતાઓના સગાને ટિકિટ આપવામાં આવી છે. જોકે ખાઈ બદેલા કે ચૂંટાયા બાદ અન્ય રીતે કોર્પોરેશનના કામોના કોન્ટ્રાક્ટ સાથે જોડાયેલાના નામ કપાઈ ગયા છે... જેને ભાજપના કાર્યકરો તો ઠીક પરંતુ પ્રજા પણ આવકાર આપવા સાથે ખુશી વ્યક્ત કરી રહી છે. અને આવો નિર્ણય લેવા બદલ પ્રદેશ પ્રમુખશ્રી સી.આર.પાટીલને અને ચૂંટણી ઉમેદવાર પસંદગી સમિતિના વખાણ કરવા સાથે ખુશી વ્યક્ત કરી રહ્યા છે. જે સાથે આશા પણ વ્યક્ત કરી રહ્યા છે કે વિધાનસભા માટે પણ આજ નિર્ણયોનો અમલ કરે.....! ભાજપ પ્રદેશ પ્રમુખશ્રી પાટીલ અને ચૂંટણી પસંદગી સમિતિના નિર્ણય બાદ ભાજપમાં બળવો થવાની હવા ફરી વળી હતી પરંતુ મોટાભાગના ચૂપ થઈ ગયા છે. આમ છતાં જુનાગઢ, જામનગર, રાજકોટ, વડોદરા, અમદાવાદમાં કેટલાક વોર્ડમાં ઉમેદવાર પસંદગી સામે કે ટિકિટ ન આપવા બાબતે ઉહા પોહ થયો છે તો ક્યાક રાજીનામા પણ આપી દીધા છે.... પરંતુ તેની અસર કેટલી થશે એ તો સમય બતાવશે.....!

## સરકાર માત્ર સફળતા ગણાવી રહી છે, નિષ્ફળતા છુપાવવામાં આવે છેઃ આનંદ શર્મા

ન્યુ દિલ્હી,તા.૫

રાજ્યસભામાં કોંગ્રેસ સાંસદ આનંદ શર્માએ કહ્યું- રાષ્ટ્રપતિએ અભિભાષણમાં મહામારીની સફળતા તો ગણાવી દીધી, પરંતુ લોકડાઉન દરમિયાન લાખો મજૂરો મરી ગયા. ગાડીઓ ક્યાંની ક્યાં જતી રહી. એક બાળક સ્ટેશન પર તેની મરેલી માતા પરથી ઓઢવાનું હટાવે છે. આવી સંવેદનશીલ વાતોનો કોઈ ઉલ્લેખ ન કરાયો.

આ ગૃહમાં જય જવાન, જય કિસાનની વાત કરવામાં આવી. તેમાં જય વિજ્ઞાનની વાત પણ કરવામાં આવી. ૨૦ કરોડ લોકોને વેક્સિન લગાવવાની છે. તેમાં ૭ વર્ષ લાગશે. દેશમાં વિજ્ઞાનની શરૂઆત ૧૯૫૦ના દાયકામાં શરૂ થઈ ગઈ હતી. એ સમયે જ ઘણી મહત્ત્વની સંસ્થાઓ બની ગઈ હતી. ભારતમાં પહેલો સેટેલાઈટ ૧૯૭૫માં બની ગયો હતો. એ સમયે વડાપ્રધાન ઈન્દિરા ગાંધી હતાં. સરકારો તો આવતી-જતી રહે છે અને વિકાસ થતો રહે છે, પરંતુ એવું કહેવું કે દરેક વિકાસ અમારા સમયમાં જ થયો છે એ ખોટી વાત છે.

## રાજકોટ મહાનગર પાલિકાની ચૂંટણીના ભાજપના ઉમેદવારોની યાદી

| ક્રમ | વોર્ડ નંબર | સીટનંબર | ઉમેદવારનું નામ |
|---|---|---|---|
| ૧ | ૧ | ૧ | શ્રીમતી દુર્ગાબા જયદીપસિંહ જાડેજા |
| | | ૨ | શ્રીમતી ભાનુબેન મનોહરભાઈ બાબરીયા |
| | | ૩ | શ્રી હરિભાઈ લાલુભાઇ ખીમાણીયા |
| | | ૪ | ડો. અલ્પેશભાઈ મોજરીયા |
| ૨ | ૨ | ૧ | શ્રીમતી દર્શિતાબેન પારસભાઈ શાહ |
| | | ૨ | શ્રીમતી મીતાબેન અજયસિંહ જાડેજા |
| | | ૩ | શ્રી મનીષભાઈ નટવરલાલ રાડિયા |
| | | ૪ | શ્રી જૈમિન ઠક્કર |
| ૩ | ૩ | ૧ | શ્રીમતી અલ્પાબેન દીપકભાઈ દવે |
| | | ૨ | શ્રીમતી કુસુમબેન સુનિલભાઈ ટેકવાની |
| | | ૩ | શ્રી નરેન્દ્રસિંહ પૃથ્વીસિંહ જાડેજા |
| | | ૪ | શ્રી બાબુભાઇ અરજનભાઇ ઉધરેજા |
| ૪ | ૪ | ૧ | શ્રીમતી કંકુબેન કાનાભાઇ ઉધરેજા |
| | | ૨ | શ્રીમતી નયનાબેન વિનોદભાઈ પેઢડિયા |
| | | ૩ | શ્રી પરેશભાઈ દેવજીભાઈ પીપળીયા |
| | | ૪ | શ્રી કાળુભાઇ દેવદાનભાઈ કુંગરસિયા |
| ૫ | ૫ | ૧ | શ્રીમતી વજીબેન કવાભાઈ ગોલતર |
| | | ૨ | શ્રીમતી રસીલાબેન પ્રવીણભાઈ સાકરીયા |
| | | ૩ | શ્રી દિલીપભાઈ હીરજીભાઈ લુણાગરિયા |
| | | ૪ | શ્રી હાર્દિકભાઈ પ્રહલાદભાઈ ગોહિલ |
| ૬ | ૬ | ૧ | શ્રીમતી દેવુબેન મનસુખભાઇ જાદવ |
| | | ૨ | શ્રીમતી મંજુબેન ઘનશ્યામભાઈ કુંગશીયા |
| | | ૩ | શ્રી પરેશભાઈ રમેશભાઈ પીપળીયા (પી. પી) |
| | | ૪ | શ્રી ભાવેશભાઈ ગણેશભાઈ દેથારિયા |
| ૭ | ૭ | ૧ | શ્રી દેવાંગભાઈ માંકડ |
| | | ૨ | શ્રી નેહલભાઈ શુક્લ |
| | | ૩ | શ્રીમતી વર્ષાબેન કિરીટભાઈ પાંધી |
| | | ૪ | શ્રીમતી જયશ્રીબેન પ્રવીણભાઈ ચાવડા |
| ૮ | ૮ | ૧ | ડો. દર્શનાબેન અતુલભાઈ પંડ્યા |
| | | ૨ | શ્રીમતી પ્રતિબેન સંદિપભાઈ દોશી |
| | | ૩ | શ્રી અશ્વિનભાઈ મેઘજીભાઈ પાંભર |
| | | ૪ | શ્રી બિપીનભાઈ નાથાભાઈ બેરા |
| ૯ | ૯ | ૧ | શ્રીમતી દક્ષાબેન ભરતભાઈ વાસાણી |
| | | ૨ | શ્રીમતી આશાબને રાજીવભાઈ ઉપાધ્યાય |
| | | ૩ | શ્રી પુષ્કરભાઈ પટેલ |
| | | ૪ | શ્રી જીતુભાઇ મનુભાઈ કાટોડિયા |
| ૧૦ | ૧૦ | ૧ | શ્રીમતી જ્યોત્સ્નાબેન પ્રફુલભાઇ ટીલાળા |
| | | ૨ | શ્રીમતી રાજેશ્વરીબેન ડોડીયા |
| | | ૩ | શ્રી ચેતનભાઈ સુરેજા |
| | | ૪ | શ્રી નરેન્દ્રસિંહ વાઘેલા |
| ૧૧ | ૧૧ | ૧ | શ્રીમતી ભારતીબેન ફેર્નાનડેઝ પાડલીયા |
| | | ૨ | શ્રીમતી લીલુબેન છગનજી જાદવ |
| | | ૩ | શ્રી વિનુભાઈ તેજાભાઈ સોરઠીયા |
| | | ૪ | શ્રી રંજિતભાસ જહેંઠાભાઇ સાગઠીયા |
| ૧૨ | ૧૨ | ૧ | શ્રીમતી અસ્મિતાબેન મૌલિકકુમાર દેલવાડીયા |
| | | ૨ | શ્રીમતી મિતલબેન ચેતનભાઈ લાઠીયા |
| | | ૩ | શ્રી પ્રદીપભાઈ રામભાઈ ડવ |
| | | ૪ | શ્રી મગનભાઈ હંસરાજભાઇ સોરઠીયા |
| ૧૩ | ૧૩ | ૧ | શ્રામતા જયાબન હારભાઇ ડાગર |
| | | ૨ | શ્રીમતી સોનલબેન જીતેન્દ્રભાઈ સેલારા |
| | | ૩ | શ્રી નીતિનભાઈ નરસિંહભાઇ રામાણી |
| | | ૪ | શ્રી સુરેન્દ્રસિંહ જુવાનસિંહ વાળા |
| ૧૪ | ૧૪ | ૧ | શ્રીમતી ભારતીબેન બકુલભાઈ મકવાણા |
| | | ૨ | શ્રીમતી વર્ષાબેન રણપરા |
| | | ૩ | શ્રી નિલેશભાઈ બાબુભાઇ જુલુ |
| | | ૪ | શ્રી કેતનભાઈ ડાહ્યાભાઇ ઢુંમર |
| ૧૫ | ૧૫ | ૧ | ડો મેધાવીબેન માંડલભાઈ સિંધવ |
| | | ૨ | શ્રીમતી ગીતાબેન નાનજીભાઈ પારઘી |
| | | ૩ | શ્રી વિનુભાઈ સોમાભાઈ કુમારખાણીયા |
| | | ૪ | શ્રી વરજાંગભાઇ જેતાભાઇ હુમલ |
| ૧૬ | ૧૬ | ૧ | શ્રીમતી કંચનબેન રાજેશભાઈ સિદ્ધપુરા |
| | | ૨ | શ્રીમતી રુચિતાબેન નિલેશભાઈ જોશી |
| | | ૩ | શ્રી સુરેશભાઈ હરિભાઈ વસોયા |
| | | ૪ | શ્રી નરેન્દ્રભાઈ ભગવાનભાઇ ડવ |
| ૧૭ | ૧૭ | ૧ | શ્રીમતી અનિતાબેન ગૌતમગીરી ગોસ્વામી |
| | | ૨ | શ્રીમતી કિર્તીબા અનિરુદ્ધસિંહ રાણા |
| | | ૩ | શ્રી વિનુંભાઈ દેવજીભાઈ ઘવા |
| | | ૪ | શ્રી રવજીભાઈ સવજીભાઈ મકવાણા |
| ૧૮ | ૧૮ | ૧ | શ્રીમતી દક્ષાબેન નટુભાઈ વાઘેલા |
| | | ૨ | શ્રીમતી ભારતીબેન શૈલેષભાઇ પરસાણા |
| | | ૩ | શ્રી સંજયસિંહ ગુલાબસિંહ રાણા |
| | | ૪ | શ્રી સંદીપભાઈ નરસિંહભાઇ ગાજીપરા |

## અમદાવાદ મહાનગર પાલિકાની ચૂંટણીના ભાજપના ઉમેદવારોની યાદી

| વોર્ડ નંબર અને નામ | ક્રમ | નામ |
|---|---|---|
| ૧ - ગોતા | ૧ | શ્રી આરતીબેન કમલેશભાઈ ચાવડા |
| | ૨ | શ્રી પારૂલબેન અરવિંદભાઇ પટેલ |
| | ૩ | શ્રી અજય શંભુભાઈ દેસાઈ |
| | ૪ | શ્રી કેતન બાબુલાલ પટેલ |
| ૨ - ચાંદલોડિયા | ૧ | શ્રી રાજેશ્વરીબેન રમેશકુમાર પંચાલ |
| | ૨ | શ્રી રાજેશ્રીબેન ભાવેશભાઈ પટેલ |
| | ૩ | શ્રી હીરાભાઈ વાલાભાઈ પરમાર |
| | ૪ | શ્રી ભરતભાઈ કેશવલાલ પટેલ |
| ૩-ચાંદખેડા | ૧ | શ્રી પ્રતિમા ભાનુપ્રસાદ સક્સેના |
| | ૨ | શ્રી ભાવીતાબેન ચેતનકુમાર પટેલ |
| | ૩ | શ્રી રાકેશકુમાર અરવિંદભાઈ બ્રહ્મભટ્ટ |
| | ૪ | શ્રી અરુણસિંહ રામનયનસિંહ રાજપૂત |
| ૪ - સાબરમતી | ૧ | શ્રી હિરલબેન ભરતભાઈ ભાવસાર |
| | ૨ | શ્રી અંજુબેન ચિતરંજન શાહ |
| | ૩ | શ્રી રમેશ ગોમાજી રાણા (બાબુભાઈ) |
| | ૪ | શ્રી ચેતનકુમાર ચીનુભાઈ પટેલ |
| ૫ - રાણીપ | ૧ | શ્રી ભાવી પથીક્ભાઈ પંચાલ |
| | ૨ | શ્રી ગીતાબેન કમલેશકુમાર પટેલ |
| | ૩ | શ્રી દશરથભાઈ પટેલ |
| | ૪ | શ્રી વિરલભાઈ ભરતભાઈ વ્યાસ |
| ૬ - નવા વાડજ | ૧ | શ્રી લલીતાબેન હમીરભાઈ મકવાણા |
| | ૨ | શ્રી ભાવનાબેન એચ. વાઘેલા |
| | ૩ | શ્રી યોગેશકુમાર પટેલ (Y.K.) |
| | ૪ | શ્રી બળદેવભાઈ દેસાઈ |
| ૭ - ઘાટલોડિયા | ૧ | શ્રી ભાવનાબેન પ્રમુખભાઈ પટેલ |
| | ૨ | શ્રી મીનાક્ષી હસમુખભાઇ નાયક |
| | ૩ | શ્રી મનોજભાઇ રમણલાલ પટેલ |
| | ૪ | શ્રી જતીનકુમાર ઝવેરભાઇ પટેલ |
| ૮ - થલતેજ | ૧ | શ્રી ઋષિના મહેન્દ્રભાઈ પટેલ |
| | ૨ | શ્રી નિરુબેન દિનેશભાઇ ડાભી |
| | ૩ | શ્રી સમીરભાઈ શંભુભાઈ પટેલ |
| | ૪ | શ્રી હિતેશભાઈ કાંતિલાલ બારોટ |
| ૯ - નારણપુરા | ૧ | શ્રી બિન્દાબેન નયન સુરતી |
| | ૨ | શ્રી ગીતાબેન જીભાઈદાસ પટેલ |
| | ૩ | શ્રીજયેશભાઈ પરમાનંદભાઈ પટેલ |
| | ૪ | શ્રી દર્શનભાઈ જશવંતાલાલ શાહ |
| ૧૦ - સ્ટેડીયમ | ૧ | શ્રી રશ્મિબેન આરજુભાઈ ભટ્ટ |
| | ૨ | શ્રી દિપલબેન હાર્દિકભાઈ પટેલ |
| | ૩ | શ્રી મુકેશભાઈ મિસ્ત્રી |
| | ૪ | શ્રી પ્રદિપભાઈ દેવીપ્રસાદ દવે |
| ૧૧- સરદારનગર | ૧ | શ્રી મિતલબેન નીલેશભાઈ મકવાણા |
| | ૨ | શ્રી કંચનબેન પંજવાણી |
| | ૩ | શ્રી સુરેશભાઈ દાનાણી |
| | ૪ | શ્રી લાલચંદ ચંદનમલ પંજવાની |
| ૧૨ - નરોડા | ૧ | શ્રી અલકાબેન પ્રધ્યુમન મિસ્ત્રી |
| | ૨ | શ્રી વૈશાલીબેન યતીનકુમાર જોષી |
| | ૩ | શ્રી રાજેન્દ્ર જયંતીભાઈ સોલંકી |
| | ૪ | શ્રી વિપુલ પટેલ (સોમભાઈ) |
| ૧૩ - સૈજપુર | ૧ | શ્રી રેશ્માબેન મનોજભાઈ કુકરાણી |
| | ૨ | શ્રી વિનોદ્કુમારી સુરેશકુમાર ચૌધરી |
| | ૩ | શ્રી મહાદેવભાઈ વી. દેસાઈ |
| | ૪ | શ્રી હસમુખભાઈ લાલજીભાઈ પટેલ |
| ૧૪ - કુબેરનગર | ૧ | શ્રી મનીષાબેન સુરેશભાઈ વાઘેલા |
| | ૨ | શ્રી ગીતાબા વિશાલસિંહ ચાવડા |
| | ૩ | શ્રી પવન ઉમેશભાઈ શર્મા |
| | ૪ | શ્રી રાજેશ વાસુદેવ રવતાની |
| ૧૫ - અસારવા | ૧ | શ્રી અનસુયાબેન આર. પટેલ (અનુબેન) |
| | ૨ | શ્રી મેનાબેન ભીખુભાઈ પટણી |
| | ૩ | શ્રી ઓમપ્રકાશ નારાયણજી પ્રજાપતિ |
| | ૪ | શ્રી દિશાંત ઠાકોર |
| ૧૬ - શાહીબાગ | ૧ | શ્રી પ્રતિભા રાકેશ જૈન |
| | ૨ | શ્રી જાસ્મીનબેન સુધાંશુ ભાવસાર |
| | ૩ | શ્રી ભરતભાઈ આર. પટેલ (લાલભાઈ) |
| | ૪ | શ્રી જસુભાઈ મોહનજી ઠાકોર |
| ૧૭ - શાહપુર | ૧ | શ્રી રેખાબેન બધાજી ચૌહાણ |
| | ૨ | શ્રી આરતી ગિરીશ પંચાલ |
| | ૩ | શ્રી પ્રતાપભાઈ કેશવભાઈ આગજા |
| | ૪ | શ્રી જગદીશભાઇ દાતણીયા |
| ૧૮ - નવરંગપુરા | ૧ | શ્રી આશાબેન હિતેશકુમાર બ્રહ્મભટ્ટ |
| | ૨ | શ્રી વંદના રાજીવ શાહ |
| | ૩ | શ્રી હેમંત તુલશીભાઈ પરમાર |
| | ૪ | શ્રી નીરવ જગદીશભાઈ કવિ |
| ૧૯ - બોડકદેવ | ૧ | શ્રી દિપ્તીબેન જિતેન્દ્ર અમરકોટિયા |
| | ૨ | શ્રી વાસંતીબેન નરેન્દ્રભાઇ પટેલ |
| | ૩ | શ્રી દેવાંગ જિતેન્દ્રભાઈ દાણી |
| | ૪ | શ્રી કાંતિભાઈ અરજણભાઇ પટેલ |
| ૨૦ - જોધપુર | ૧ | શ્રી ભારતીબેન હિતેન્દ્રસિંહ ગોહિલ |
| | ૨ | શ્રી પ્રવિણાબેન પટેલ |
| | ૩ | શ્રી અરવિંદભાઈ પરમાર |
| | ૪ | શ્રી આશિષ અમૃતલાલ પટેલ |
| ૨૧ - દરિયાપુર | ૧ | શ્રી વિભૂતિ મહેશકુમાર પરમાર |
| | ૨ | શ્રી નૈનાબેન રાજેશકુમાર ગોહિલ |
| | ૩ | શ્રી ભરતભાઈ છનાલાલ ભાવસાર |
| | ૪ | શ્રી જયરામ દેસાઈ |
| ૨૨ - ઇન્ડિયા કોલોની | ૧ | શ્રી હિરલબેન પુનિતભાઈ બારોટ |
| | ૨ | શ્રી નીતાબેન સચીનભાઈ પરમાર |
| | ૩ | શ્રી ભરતભાઈભુરાભાઈ કાકડિયા |
| | ૪ | શ્રી ભાવિકકુમાર કાંતિલાલ પટેલ |
| ૨૩ - ઠક્કરબાપાનગર | ૧ | શ્રી હર્ષાબેન ગુર્જર |
| | ૨ | શ્રી કંચનબેન વી. રાદડિયા |
| | ૩ | શ્રી કિરીટકુમાર પરમાર |
| | ૪ | શ્રી દીક્ષિતકુમાર રણછોડભાઇ પટેલ |
| ૨૪ - નિકોલ | ૧ | શ્રી ઉષાબેન મણીભાઈ રોહિત |
| | ૨ | શ્રી વિલાસબેન બી. દેસાઈ (પટેલ) |
| | ૩ | શ્રી દિપકભાઈ ગણપતભાઈ પંચાલ |
| | ૪ | શ્રી બળદેવભાઈ પટેલ |
| ૨૫ - વિરાટનગર | ૧ | શ્રી બકુલા મનીષભાઈ એન્જીનીયર |
| | ૨ | શ્રી સંગીતાબેન કોરાટ (પટેલ) |
| | ૩ | ડો. રણજીતસિંહ ભગુભાઈ વાંક |
| | ૪ | શ્રી મુકેશભાઈ રવજીભાઈ પટેલ |
| ૨૬ - બાપુનગર | ૧ | શ્રી સરોજબેન શંકરલાલ સોલંકી |
| | ૨ | શ્રી જયશ્રીબેન દત્તાત્રી દાસરી |
| | ૩ | શ્રી અશ્વિન બાબુભાઇ પેથાણી |
| | ૪ | શ્રી પ્રકાશ ગુર્જર |
| ૨૭ - સરસપુર | ૧ | શ્રી મંજુલાબેન આર. ઠાકોર |
| | ૨ | શ્રી ભારતી મુકેશભાઈ વાણીયા |
| | ૩ | શ્રી ભાસ્કરભાઈ ભટ્ટ |
| | ૪ | શ્રી દિનેશ રાજેંદ્રસિંહ કુશવાહ |
| ૨૮ - ખાડિયા | ૧ | શ્રી નિકીબેન શ્વેતાંગકુમાર મોદી |
| | ૨ | શ્રી ગીતાબેન નવનિતલાલ પરમાર |
| | ૩ | શ્રી પંકજ બચુભાઈ ભટ્ટ |
| | ૪ | શ્રી ઉમંગભાઈ નાયક |
| ૨૯ - જમાલપુર | ૧ | શ્રી પુષ્પાબેન પી. સુમરા |
| | ૨ | શ્રી મનીષાબેન એમ. પરમાર |
| | ૩ | શ્રી જિતેન્દ્રકુમારઆર. મકવાણા |
| | ૪ | શ્રી પંકજભાઈ ચૌહાણ |
| ૩૦ - પાલડી | ૧ | શ્રી ચેતનાબેન પરેશકુમાર પટેલ |
| | ૨ | શ્રી પૂજાબેન દવે |
| | ૩ | શ્રી પ્રિતિશભાઈ વિનોદચંદ્ર મહેતા |
| | ૪ | શ્રી જૈનિકભાઈ વકીલ |
| ૩૧ - વાસણા | ૧ | શ્રી સોનલબેન ઠાકોર |
| | ૨ | શ્રી સ્નેહલબા પરમાર |
| | ૩ | હિમાંશુ કે. વાળા |
| | ૪ | શ્રી મેહુલભાઈ ચીનુભાઈ શાહ |
| ૩૨ - વેજલપુર | ૧ | શ્રી કલ્પના હીરાલાલ ચાવડા |
| | ૨ | શ્રી પારૂલબેન દવે |
| | ૩ | દિલીપ બગડીયા |
| | ૪ | શ્રી રાજેશ ઠાકોર (મુખી) |
| ૩૩ - સરખેજ | ૧ | શ્રી અલકા જગદીશભાઈ શાહ |
| | ૨ | શ્રી જયાબેન એલ દેસાઈ |
| | ૩ | શ્રી જયેશ મહેન્દ્રભાઈ ત્રીવેદી |
| | ૪ | શ્રી સુરેન્દ્ર ભાણભા ખાચર |
| ૩૪ - મકતમપુરા | ૧ | શ્રી આહાર જીજ્ઞાબેન હિતશભાઈ |
| | ૨ | શ્રી હર્ષા હરીશભાઈ મકવાણા |
| | ૩ | દિગ્વિજયસિંહ રાજેન્દ્રસિંહ ચુડાસમા |
| | ૪ | શ્રી અભયભાઇ ધીરજલાલ વ્યાસ |
| ૩૫ -બહેરામપુરા | ૧ | શ્રી નીતાબેન ભરતભાઈ મકવાણા |
| | ૨ | શ્રી કવિતાબેન નવીનચંદ્ર શાહ |
| | ૩ | શ્રી કમલેશભાઈ ચતુરભાઈ પરમાર |
| | ૪ | શ્રી ભરતભાઈ મસાજી સરગરા |
| ૩૬ - દાણીલીમડા | ૧ | શ્રી હંસાબેન તુલસીભાઈ ડાભી |
| | ૨ | શ્રી ગીતાંજલિ એન.ગુપ્તા |
| | ૩ | શ્રી રમેશભાઈ છગનલાલ જાદવ |
| | ૪ | શ્રી ભરત ભામાજી પરમાર હીરાગરા |
| ૩૭ - મણીનગર | ૧ | શ્રી શીતલ આનંદકુમાર ડાગા |
| | ૨ | શ્રી ઈલાક્ષી સમીરભાઈ શાહ |
| | ૩ | શ્રી ડો.ચંદ્રકાંત હરગોવિંદ ચૌહાણ |
| | ૪ | શ્રી કરણ ભટ્ટ |
| ૩૮ - ગોમતીપુર | ૧ | શ્રી પુષ્પાબેન નરેશભાઇ રાઠોડ |
| | ૨ | શ્રી ગીતાબેન બીપીનભાઈ ઉજજૈની |
| | ૩ | શ્રી નિલય દીપકભાઈ શુક્લા |
| | ૪ | શ્રી અશોકભાઇ મગનભાઇ સામેત્રિયા |
| ૩૯ - અમરાઈવાડી | ૧ | શ્રી પ્રતિભા દુબે |
| | ૨ | શ્રી જશીબેન બાબુભાઈ પરમાર |
| | ૩ | શ્રી ઓમપ્રકાશ મુક્તાજી બાગડી |
| | ૪ | શ્રી મહેન્દ્રભાઈ પટેલ |
| ૪૦ - ઓઢવ | ૧ | શ્રી નીતાબેન દેસાઈ |
| | ૨ | શ્રી મીનુબેન રાઘવેન્દ્રસિંહ ઠાકુર |
| | ૩ | શ્રી દિલીપભાઈ પટેલ |
| | ૪ | શ્રી રાજુભાઈ દવે |
| ૪૧ - વસ્ત્રાલ | ૧ | શ્રી ગીતાબેન વી. પ્રજાપતિ |
| | ૨ | શ્રી ચંદ્રિકાબેન મહાદેવભાઈ પટેલ |
| | ૩ | શ્રી પરેશભાઈ હરગોવિંદભાઈ પટેલ |
| | ૪ | શ્રી અનિરરૂધ્ધસિંહ ઝાલા |
| ૪૨ - ઇન્દ્રપુરી | ૧ | શ્રી અલ્કાબેન પ્રશાંતભાઈ પંચાલ |
| | ૨ | શ્રી શિલ્પાબેન હષમુખભાઈ પટેલ |
| | ૩ | શ્રી કૌશિકભાઈ નટવરભાઈ પટેલ |
| | ૪ | શ્રી ચંદ્રકાંત પ્રજાપતિ |
| ૪૩ - ભાઈપુરા | ૧ | શ્રી મીરાબેન રજનીશભાઈ રાજપૂત |
| | ૨ | શ્રી વસંતીબેન પટેલ |
| | ૩ | શ્રી ગૌરાંગ ધનજીભાઇ પ્રજાપતી |
| | ૪ | શ્રી કમલેશભાઈ પટેલ |
| ૪૪ - ખોખરા | ૧ | શ્રી જીગીષા સુનિલભાઈ સોલંકી |
| | ૨ | શ્રી શીવાનીબેન સુનીલભાઈ જનેઈકર |
| | ૩ | શ્રી ચેતન મહેશભાઈ પરમાર |
| | ૪ | શ્રી કમલેશ મહેશચંદ્ર પટેલ |
| ૪૫ - ઇસનપુર | ૧ | શ્રી ગીતાબેન જે. સોલંકી |
| | ૨ | શ્રી મૌનાબેન દીનેશકુમાર રાવલ |
| | ૩ | શ્રી શંકરભાઈ આર. ચૌધરી |
| | ૪ | શ્રી ગૌતમભાઈ બાબરભાઈ પટેલ |
| ૪૬ - લાંભા | ૧ | શ્રી જશોદાબેન મહેન્દ્રસિંહ અમલીયાર |
| | ૨ | ડો. ચાંદનીબેન તેજસ પટેલ |
| | ૩ | શ્રી માનસિંહ નારાયણસિંહ સોલંકી |
| | ૪ | શ્રી વિક્રમભાઈ ચેલાભાઇ ભરવાડ |
| ૪૭ - વટવા | ૧ | શ્રી જલ્પાબેન રૂપેશકુમાર પંડ્યા |
| | ૨ | શ્રી સરોજબેન ભરતભાઈ સોની |
| | ૩ | શ્રી ગીરીશભાઈ અરવિંદભાઈ પટેલ |
| | ૪ | શ્રી સુશીલભાઈ રાજકુમાર રાજપૂત |
| ૪૮ - રામોલ | ૧ | શ્રી સુનિતાબેન દિનેશભાઇ ચૌહાણ |
| | ૨ | શ્રી ચંદ્રિકાબેન હરેશભાઈ પંચાલ |
| | ૩ | શ્રી સિધ્ધાર્થ મુકેશભાઇ પરમાર |
| | ૪ | શ્રી મૌલિકભાઈ અતુલભાઈ પટેલ |

CYMK

# ફાઈઝરે ભારતમાં કોરોના રસીનો ઉપયોગ કરવા માટેની અરજી પાછી ખેંચી

વોશિંગ્ટન,તા.૫

ભારતમાં જ્યાં એક તરફ કોરોના વાયરસ મહામારી સામે રસીકરણનું અભિયાન ચાલી રહ્યું છે ત્યારે અમેરિકાની ફાઈઝર નામક કંપનીએ પોતાની અરજી પરત ખેંચી લીધી છે. અમેરિકાની કંપનીએ ભારતમાં કોરોના વાયરસની રસી માટે મંજૂરી માંગતી અરજી કરી હતી જેને હવે પાછી ખેંચી લેવામાં આવી છે. નોંધનીય છે કે આ કંપનીએ જર્મનીની બાયોનટેક કંપની સાથે મળીને કોરોના વાયરસની રસીનો ડોઝ બનાવ્યો હતો.

નોંધનીય છે કે કોરોના વાયરસની રસી મામલે કંપનીના અધિકારીઓ અને ભારતની ડ્રગ રેગ્યુલેટર વચ્ચે બેઠક કરવામાં આવી હતી અને તે બેઠક બાદ હવે કંપની દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે. નોંધનીય છે કએ ફાઈઝર એવી પહેલી કંપની હતી જેણે આ મંજૂરી માંગી હતી.

વેક્સિન મુદ્દે થયેલી બેઠકમાં વધુ માહિતી માંગવામાં આવી હતી જે બાદ કંપનીએ અરજી જ પરત ખેંચી લીધી છે. કંપનીનું કહેવું છે કે ભવિષ્યમાં વધુ માહિતી સાથે ફરીથી મંજૂરી માંગવામાં આવશે.

નોંધનીય છે કે ભારતમાં કોરોના વાયરસ સામે રસીકરણ કરવામાં આવી રહ્યું છે અને અત્યાર સુધીમાં અંદાજે ૫૦ લાખ લોકોને વાયરસની રસીના ડોઝ આપી દેવામાં આવ્યા છે અને કોરોના વાયરસનું સંક્રમણ પણ ધીમે ધીમે કંટ્રોલમાં આવી ગયું છે. ભારતમાં છેલ્લા ઘણા સમયથી વાયરસના દૈનિક નવા કેસમાં પણ ઘટાડો જોવા મળી રહ્યો છે અને વાયરસને મ્હાત આપનાર લોકોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે.

# બારબાડોસ પ્રધાનમંત્રીએ કોરોના વેક્સિન આપવા બદલ વડાપ્રધાનનો આભાર માન્યો

બારબાડોસ,તા.૫

બારબાડોસની જાણીતી ગાયિકા રૉબ્ન રિહાના ફેંટી કે જે રિહાન તરીકે જાણીતી છે તેણે તાજેતરમાં જ ખેડૂત આંદોલનને લઈને ટ્વિટ કરી આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતને બદનામ કરવાના પ્રયાસ કર્યા હતાં. તેમ છતાંયે ભારતે પોતાનું વચન પાળી બતાવ્યું છે અને કોરોના મહામારીમાં બારબાડોસને કોરોના વેક્સીનની ભેટ આપી છે.

ભારતે રિહાનાના ટ્વિટને નજરઅંદાજ કરી કોરોના વાયરસની એક લાખ વેક્સીન મોકલી આપી છે. બારબાડોસની પ્રધાનમંત્રીએ કોરોના વેક્સીન આપવા બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ભારોભાર પ્રશંસા કરી હતી અને ભારત સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. ઈન્ટરનેશનલ પોપ સ્ટાર રિહાનાએ ભારતમાં કૃષિ કાયદા વિરુદ્ધ ચાલી રહેલા ખેડૂત આંદોલન પર ટ્વીટ કરી અને તેના પર વૈશ્વિક ધ્યાન કેન્દ્રિત કરાવ્યું. બારબેડિયન ગાયિકા રિહાનાએ દુનિયાભરમાં ભારતને બદનામ કરવાની કોશિશ કરી છતાં ભારત સરકારે બારબાડોસની મદદ કરી છે. ભારતે કોરોના વાયરસ મહામારી વિરુદ્ધ જંગ માટે બારબાડોસને ઓક્સફોર્ડ-એસ્ટ્રાજેનેકાની એન્ટી કોરોના વાયરસ વેક્સીનના એક લાખ ડોઝ આપ્યા છે. ત્યારબાદ બારબાડોસના પ્રધાનમંત્રી મિયા અમોર મોટલેએ ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પત્ર લખીને આભાર વ્યક્ત કર્યો હતો.

ગુરૂવારના રોજ પીએમ નરેન્દ્ર મોદીને લખેલા પત્રમાં બારબાડોસના પ્રધાનમંત્રી મોટલેએ કહ્યું હતું કે, મારી સરકાર અને દેશના લોકો તરફથી હું તમારો, તમારી સરકાર અને ભારતના લોકોનો કોરોનાની રસી આપવા બદલ આભાર વ્યક્ત કરવા માંગુ છું. તેમણે વધુમાં કહ્યું હતું કે, સ્વાસ્થ્ય અને કલ્યાણ મંત્રી તથા મુખ્ય ચિકત્સ આધિકારી બંનેએ પુષ્ટિ કરી છે કે, બારબાડોસમાં રસીના ઉપયોગને મંજૂરી અપાઈ છે. રસી નિર્માતાઓના દિશા નિર્દેશો પ્રમાણે લોકોને રસી આપવામાં આવશે.

# ખેડૂત આંદોલનમાં ગ્રેટાના ટ્વીટ પાછળ ખાલિસ્તાની સંગઠનનો હાથ હોવાનું તપાસમાં ખુલ્યું

ન્યુ દિલ્હી,તા.૫

ખેડૂત આંદોલનના નામે ભારત વિરુદ્ધ વિદેશી પ્રોપગેન્ડાની વાસ્તવિકતા હવે સામે આવી રહી છે. એક તપાસમાં થયેલા ખુલાસા મુજબ કૃષિ કાયદા વિરુદ્ધ ભારતમાં ચાલી રહેલા ખેડૂત આંદોલનના સમર્થનમાં પર્યાવરણ સંરક્ષણ માટે કામ કરતી કાર્યકર ગ્રેટા થનબર્ગનું ટ્વીટ ખાલિસ્તાની સંગઠનનો પ્રોપગેન્ડા હોવાનું જણાયું છે. ગ્રેટા થનબર્ગે એક ટ્વીટ કર્યું હતું, જેને પાછળથી તેણે ડિલીટ કરી દીધું હતું. પ્રાથમિક તપાસમાં એવી હકીકત જણાઈ છે કે આવું કરવા પાછળ કેનેડા સ્થિત ખાલિસ્તાનનું સમર્થન કરતા સંગઠનનો હાથ છે.

વરિષ્ઠ સરકારી સૂત્રોએ જણાવ્યું હતું કે ગ્રેટ થનબર્ગે પોતાના ટ્વીટમાં જે પાવરપોઈન્ટ ટુલકિટનો ઉપયોગ કર્યો હતો, જેનો ઉદ્દેશ ભારતને હિતોને નુકસાન પહોંચાડવાનું છે, તેને એક સ્વોઘોષિત ખાલિસ્તાન સમર્થક ધાલીવાલ દ્વારા સ્થાપિત 'પીસ ફોર જસ્ટિસ' સંગઠન દ્વારા તૈયાર કરાયું હતું. આ જૂથ કેનેડાના વેક્નૂવરમાં છે.

પાવરપોઈન્ટમાં ભારતને ટાર્ગેટ કરીને એક ટાસ્ક અપાયું હતું. ટુલકિટમાં ભારતની યોગ અને ચાની છબિને ખરડવાનો, ૨૬ જાન્યુઆરીના વૈશ્વિક ભંગાણની સાથે-સાથે કૃષિ કાયદાને રદ કરવાનો ઉદ્દેશ હતો. થનબર્ગે પોતાની પોસ્ટ હટાવી દીધી હતી, પરંતુ તે પૂર્વે ભારતના કેટલાક લોકોએ તેના સ્ક્રિનશોટ લઈ લીધા, જે જોતજોતામાં વાયરલ થઈ ગયું હતું.




# ન્યૂઝ ઑફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




**ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ મા આજે સભ્યો ની પાંચ ગદ્ય રચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવી છે.સંપર્ક સૂત્રો.......**

**www.janfariyadnews.com**

**E m a i l : prdpraval42@gmail.com**

**What's up calling No : 9824653073**

**તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ**

**મુખ્ય નિર્ણાયક : જયશ્રી પટેલ**

---------------------------------------

**ગદ્ય**

**NOG SS No..0019**

**વિભાગ...ગદ્ય**

**વિષય...પ્રકૃતિ,ટેવ**

**શીર્ષક...અધિકાર**

**" આખો દિવસ ઘરમાં શું કર્યા કરે છે?""**

**એકનું એક વાક્ય નિશાનાં કાનમાં ઘણની જેમ વાગતું. મા..બાપે પૈસા, બંગલો, જાહોજલાલી જોઈ વૈભવ સાથે પરણાવી દીધી.પોતે એમ.એસ.સી. પ્રથમ વર્ગમાં પાસ થયેલી,અને બધી જ રીતે હોશિયાર. સાસરિયાં માં બધાં શોખ પૂરા કરજે,, એમ કહી એકવીસમાં વર્ષે લગ્ન કરાવી દીધાં. લગ્નના પહેલાં જ દિવસે વૈભવનો તેજ મિજાજનો પરિચય થઈ ગયો. એ તો હરણીની માફક ધૃજી ગયેલી. વૈભવ પૈસામાં અને તમામ બૂરી આદતથી,ઘણી કુટેવોથી છકી ગયેલો હતો. પોતાનું નસીબ માની, માતા પિતાની આબરુનો વિચાર આવતા કશું બોલતી નહી. સાસુ,સસરા, નણંદ બધાં જ ઘમંડી હતાં. એના આવ્યા પછી નોકરોને રજા આપી દીધી.ઘરનું તમામ કામ કરીને લોથપોથ થઈ જતી.જરા પણ ચૂક થાય તો શાબ્દિક પ્રહારનો વરસાદ વરસતો. બહાર કોઈને ખ્યાલ પણ ન આવે કે નિશાને આટલી પીડા હશે. હવે તો વૈભવ મારઝૂડ પણ કરી લેતો.**

**કયાં જવું? સામે બોલવાની તો હિંમત જ ન કરી શકતી. ગઇકાલે દારુના નશામાં વૈભવનો હાથ એને પેઢુનાં ભાગમાં વાગ્યો હોવાથી આજે ખૂબ વેદના થતી હતી. કામકાજ કરી પથારીમાં પડી તો આજનું છાપું હાથમાં લીધું. એમાં નારીની વેદના કોલમ વાંચી તો જણાયું કે અદાલતે માનવ અધિકાર રૂપે સ્ત્રીને ઘણાં કાયદામાં ન્યાયની જોગવાઈ કરી છે. નિશાએ મક્કમ નિર્ણય કર્યો.. કે..બસ હવે બહુ થયું.. પોતાના ઉપસી આવેલાં પેટ પર હાથ રાખી એણે વકીલને માનવ અધિકારનો ઉપયોગ કરવા,ન્યાય ,હક્ક મેળવવા ફોન જોડ્યો. એ સમજી ગઈ કે વૈભવની પ્રકૃતિ સુધારી શકાય એવી નથી.પોતે પગભર થવા સક્ષમ હતી. એણે છુટ્ટા થવાનો નિર્ણય કરી લીધો.**

**કલ્પનાબેન ત્રિવેદી,સુરેન્દ્રનગર**

---------------------------------------

**NOG SS NO:0031**

**વિષય:-પ્રકૃતિ**

**વિભાગ:-ગદ્ય**

**પ્રકાર:-ટૂંકી વાતો**

**શીર્ષક:-મિલન**

**પ્રકૃતિનો એક નિયમ છે કે ધરતી અને આકાશનું એક થવું ક્યારેય પણ શક્ય જ નથી.એટલે જ તો ધરાને મનમાં સો ટકા ખાતરી હતી કે આજે પોતાને જોવા આવનાર ગગન સાથે એનું સગપણ નહીં જ થાય.**

**આમ તો ધરા ભણેલ ગણેલ હતી, ઘરનાં કામકાજ અને રસોઇમાં પણ હોંશિયાર હતી.પોતે શહેરની એક સારી શાળામાં શિક્ષિકા હતી.પરંતુ એક વર્ષ પહેલાં શાળાનાં વાર્ષિકોત્સવમાંથી તેને ઘરે પાછા**

**ફરતાં થોડુ મોડું થઈ ગયું એટલે તેણે ઘરે જવા માટે પોતાની સ્કૂટી મુખ્ય રસ્તા પર ન લેતા ઓછા વાહન વ્યવહાર વાળા બીજા રસ્તે લીધી જેથી ઘરે જલ્દી પહોંચી શકાય.પણ એ ભૂલી ગયેલ કે તે દિવસ બુધવાર હોવાથી ઔદ્યોગિક વિસ્તારમાંથી? નીકળતો એ રસ્તો સાવ સૂમસામ હશે,અને બન્યું પણ એવું જ કે એની એકલતાનો લાભ એ વિસ્તારના બે બદમાશોએ લઇ લીધો.પરંતુ સમાજમાં બદનામીનાં ડરથી એ બદમાશો સામે પોલીસ ફરિયાદ કરવાની ધરાને તેના મમ્મી-પપ્પાએ ના પાડી.**

**અને જ્યારે ગગનનું માગું તેના માટે આવ્યું ત્યારે તેના મમ્મી-પપ્પાએ તેને સ્પષ્ટ કહી દીધું કે તેના ભૂતકાળની કંઈ ખબર કોઇને ન પડવી જોઈએ.પણ ધરાએ મનમાં નક્કી કરેલ કે જે પણ વ્યક્તિ મારો જીવનસાથી બનવાનો હશે તેને હું મારા ભૂતકાળની વાત તો કરીશ જ કારણ કેહું કોઈને અંધારામાં રાખવા નથી માંગતી.અને એને એ પણ ખ્યાલ હતો કે સાચી વાત સાંભળ્યા? પછી કોઈ તેનો હાથ પકડવા તૈયાર નહીં જ હોઇ.એટલે તેને ગગનની ના જ હશે તે વિચારી લીધું હતું.**

**એ સાંજે ગગન અને તેનો પરિવાર ધરાને ત્યાં આવ્યા ઔપચારિક વાતો ચીતો પછી ધરા અને ગગનને એકબીજાને થોડાં જાણી શકે તે માટે એકાંત આપવામાં**

**આવ્યું.પણ ગગન ધરાને કંઈ પૂછે, તે પહેલાં જ ધરાએ ગગનને કહ્યું ,હજુઓ હું તમને મારા જીવનની એક એવી વાત કહેવા માંગું છું જે સાંભળીને તમે મને નફરત જ કરશો પણ જે વ્યક્તિ મારા જીવન સાથી બનવા જઇ રહ્યા હોય તેનાથી મારે કંઈ નથી છુપાવવું". ધરાએ પોતાની જોડે બની ગયેલા બનાવની વાત ગગનને કરી.**

**ધરાની આ નિખાલસતા ગગનના હ્દયને એટલી સ્પર્શી ગઇને કે ક્યારેય પણ એક ન બની શકતા ધરા અને ગગનનું મિલન થઇ ગયું.**

**મેઘલ કિશોરભાઇ ઉપાધ્યાય 'મેઘુ'**
**રાજકોટ**

---------------------------------------

**NGO SS No.0007**

**વિષય : પ્રશંસા**

**શીર્ષક : નશો**

**વિભાગ : ગદ્ય**

**પ્રકાર : મા.ફી.વાર્તા**

**પ્રશંસા કોને વ્હાલી ન હોય. નાનાં બાળકથી લઈને જીવનનાં છેલ્લાં પડાવ પર પહોંચેલ દરેક વ્યક્તિને પ્રશંસા અતિપ્રિય હોય છે.એવી જ એક પ્રશંસાની ઘેલી નામે સંતોક રૂપરૂપનો અંબાર.નાનપણથી જ બધાનાં આકર્ષણનું કેન્દ્ર રહી હતી. એ કારણે સંતોકને ડગલેને પગલે પોતાના રૂપની પ્રશંસા સાંભળવાની ટેવ જ પડી ગઈ હતી.જેમ જેમ મોટી થતી ગઈ એની આ ટેવ એના માટે જાણે નશો બની ગઈ હતી. એ નશાના મદમાં એણે ગામનો ઉતાર કહેવાય એવા જીવણ સાથે ક્યારે ખોટું પગલું ભરી લીધું એનું એને ભાન જ ન રહ્યું, અને જ્યારે સભાનતા આવી ત્યારે એ એક એવાં સ્થાને પહોંચી ગઈ જ્યાં લોકો દામ તો રૂપ જોઈને જ લગાવતાં.પરંતુ એ દામ મેળવવા સંતોકે રોજ કંઈ કેટલાયને ખુશ કરવા પડતાં.શ્ર?**

**લેખિકા : આરતી મરચંટ**
**મુંબઈ : કાંદિવલી.**

---------------------------------------

**NOG.SS.NO..73**

**વિષય.. પ્રાણ,પ્રકૃતી, ટેવ,કુટેવ,અને પ્રશંશા.**

**શીર્ષક..પ્રકૃતિ.**

**પ્રકૃતિ એટલે ઈશ્વર તરફથી મનુષ્યને માણવ મળેલી અમૂલ્યભેટ,નદીઓ,પહાડો,સમુંદર, ઝરણાં,જંગલો,એમાં જીવ સૃષ્ટિ એટલે પશુ પંખીઓનો કલરવ આ બધું આપણને ઈશ્વરે વિનામૂલ્યે આપ્યું છે. જંગલોમાં મળતી જડી બુટ્ટી જેનાથી પહેલાંના જમાનામાં માનવ શરીરનાં રોગો મટાડતા, માનવ પણ કુદરતનું સર્જનને કુદરતી ઉપચારથી કુદરતી રીતે રોગોનું નિરાકરણ થતું,પ્રકૃતિનાં ખોળે ખોબે ખોબે ભરેલું, ઔષધ આજે પણ પ્રકૃતિ ચિકિત્સામાં કામ લાગે છે,બસ જરૂર છે તો આપણો નજરીયો બદલવાની,આધુનિકતામાં ખોવાયેલો માનવી જો જરાક પાછું વળીને જોશે તો,કુદરત જરૂર આપણા પર મહેતબાન થશે,ધરતી પણ મા છે, કેટલું સહન કરશે,એક દિવસ એનો અંત આવે એ પહેલાં જો માનવ સમજી જાય તો મા કદાચ માફ કરે,,પ્રભુ સદબુદ્ધિ આપજો,આ માનવ જગતને,એની ખરાબ નુકશાન કરતા ટેવો કુટેવોમાંથી બહાર આવી કુદરતને માણે, પ્રકૃતિને બચાવે ને આનંદલે .**

**નયના પટેલ..વડોદરા.**

---------------------------------------

**NOG SS No : 0052**

**વિષય : પ્રશંસા**

**શીર્ષક : પ્રશંસા ટેવ કે કુટેવ**

**પ્રકાર : ગદ્ય**

**પ્રશંસા ,શબ્દને ટેવ સમજવી કે કુટેવ ?**

**પ્રશંસા કોઈ કામ સારાં કર્યાની પણ હોય શકે અથવા તો માખણ લગાડીને પોતાનું કામ કરાવી લેવાની એક ટેવ કે રીત ,જુઠ્ઠી પ્રશંસાનો ભાગ હોય શકે છે.**

**આમ તો તેવું કામ ,જે અશક્ય દેખાતું હોય ,જેની અપેક્ષા જ ન હોય તેમ છતાં તે પ્રકારનું કાર્ય શકય કરી બતાવવું કે કરી દેખાડવું , તેવાં સમયે ,તે કામને બિરદાવવાં માટે પ્રશંસા શબ્દ વાપરવો ઉચિત છે.**

**જુઠ્ઠી પ્રશંસા હાલનાં વ્યવહારમાં એટલી ઉપયોગ થવાં લાગી છે કે પૂછો જ નહી ,પણ પોતાનાં અંગત સ્વાર્થ માટે કરવામાં આવતી પ્રશંસા ટૂંકા સમય માટે જ હોય છે ,જેવું કામ પાર પડયું નથી કે તે પ્રશંસા અર્થ વિહિન, નક્કામી સાબિત થાય છે. વ્યાપારમાં, વ્યવહારું જીવનમાં આપણે આ જુઠ્ઠી પ્રશંસાનો ભરપૂર ઉપયોગ કરતાં પણ આવ્યા છીએ અને જોતાં પણ. પ્રશંસા એક ટેવ હોવી જોઈએ પણ તેનાંથી તદ્દન વિપરીત જુઠ્ઠી પ્રશંસા હાલ એક કુટેવ બની ચૂકી છે.અમુક વાર તો સંબંધો, જુઠ્ઠી પ્રશંસા પર જ ટકે છે,જો પ્રશંસા ન કરવામાં આવે તો , સંબંધોમાં કડવાશ નામનું ઝેર ફરતાં પણ જોયાના અનુભવ થતાં તમે જોયાં હશે.**

**સંજય તરબદા "સાંજ"**

## બિડેનના નિર્ણયથી ભારતીય આઈટી પ્રોફેશનલ્સને મોટી રાહતના સંકેત

# બિડેન સરકારે H1-B વિઝા પર પૂર્વ સરકારની નીતિઓને હટાવી

*વોશિંગ્ટન,તા.૫*

અમેરિકાના નવા રાષ્ટ્રપતિ જો બિડેનના નેતૃત્વવાળી સરકારે એચ-૧બી વિઝા પર પૂર્વ ટ્રમ્પ સરકારની નીતિઓને હાલ પૂરતી ટાળવાનો નિર્ણય લીધો છે. જેની સાથે ૩૧ ડિસેમ્બર સુધી એચ-૧બી વિઝા ઈશ્યુ કરવામાં લોટરી સિસ્ટમ યથાવત રાખવાની ભલામણ પણ કરી હતી. જો બિડેન પ્રશાસનના આ નિર્ણયથી ભારતીય આઈટી પ્રોફેશનલ્સને મોટી રાહત મળે એવી સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. ભારતીયોમાં એચ-૧બી વિઝા ખૂબ જ લોકપ્રિય છે.

વિતેલા વર્ષની શરુઆતમાં જ ટ્રમ્પ પ્રશાસને એચ-૧બી વિઝાને લઈને નવી નીતિઓ અમલમાં લાવવાનુ એલાન કર્યુ હતું. જે હેઠળ લોટરી સિસ્ટમને ખતમ કરવાની સાથે પગાર અને મેરિટના આધારે વિઝા આપવાનુ નક્કી કર્યું હતું. ટ્રમ્પ સરકારના આ નિર્ણયને લીધે ભારતીયો માટે કપરી સ્થિતિ ઉભી થઈ હોવાનું માનવામાં આવતુ હતું.

યુનાઈટેડ સ્ટેટ્સ સિટીઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસએ એના એક નિવેદનમાં જાહેર કર્યું હતું કે ટ્રમ્પ કાળમાં નવા નિયમોને ૩૧ ડિસેમ્બર ૨૦૨૧ સુધી હટાવી લેવામાં આવ્યા છે. આ નિયમોનો નવ માર્ચથી અમલમાં લાવવામાં આવશે. યુએસસીઆઈએસનું કહેવુ હતું કે બિડેન સરકારના નિર્ણયથી એચ૧બી વીઝા પ્રક્રિયાને સુઘડ બનાવવામાં મદદ મળશે.

ઉલ્લેખનીય છે કે ૨૦ જાન્યુઆરીએ અમેરિકાના ૪૬માં રાષ્ટ્રપતિ બનેલા જો બિડેન એ ચૂંટણી પ્રચાર દરમિયાન વચન આપ્યું હતુ કે તેઓ એચ૧બી વીઝા પર લાગેલા પ્રતિબંધોને ખતમ કરશે, તેમણે ટ્રમ્પ નીતિઓને ક્રૂર ગણાવી હતી.

અમેરિકામાં સત્તામાં આવ્યા બાદ વર્ષ ૨૦૧૭માં ડોનાલ્ડ ટ્રમ્પે વર્ક વીઝાના નિયમોને કડક કર્યા હતા. તેમણે કોરોના મહામારીને લીધે એચ૧બી સહિત અલગ-અલગ પ્રકારના વર્ક વીઝા પર ૩૧ માર્ચ સુધી પ્રતિબંધ લંબાવ્યો હતો. એચ-૧બી વિઝા ભારતીય આઈટી પ્રોફેશનલ્સમાં લોકપ્રિય છે. જેના આધારે અમેરિકન કંપનીઓ હાઈ સ્કિલ્ડ વિદેશી નાગરિકોને નોકરી આપે છે. દર વર્ષે અલગ-અલગ પ્રકારના ૮૫ હજાર વિઝા ઈશ્યુ કરવામાં આવે છે. આ વિઝાનો સમયગાળો ૩ વર્ષનો હોય છે.

# બજેટ સંપૂર્ણ રીતે સરકારના ઉદ્યોગપતિ મિત્રો પર કેન્દ્રીત છેઃ રાહુલ ગાંધી



ન્યુ દિલ્હી,તા.૫

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ રક્ષા બજેટને લઈને સરકાર પર હુમલો કરતા કહ્યું કે આમાં માત્ર ઉદ્યોગપતિ મિત્રોને લાભ પહોંચાડવાનું કામ થયું છે અને દેશની રક્ષામાં જોડાયેલા સૈનિકોની સાથે વિશ્વાસઘાત કરવામાં આવ્યો છે. રાહુલ ગાંધીએ કહ્યું કે બજેટ સંપૂર્ણ રીતે સરકારના ઉદ્યોગપતિ મિત્રો પર કેન્દ્રીત છે અને આમાં સીમા પર દુશ્મન સામે લડી રહેલા સૈનિકોના હિતમાં કંઈ જ નથી.

રાહુલ ગાંધીએ ટ્વીટ કર્યુ કે, ' મોદીના 'મિત્ર' કેન્દ્રીત બજેટનો મતલબ છે વિષમ પરિસ્થિતિઓમાં ચીન સામે ઝઝૂંબી રહેલા જવાનોને મદદ નહીં. દેશની રક્ષા કરનારાઓની સાથે વિશ્વાસઘાત.'

રાહુલ ગાંધીએ વર્ષ ૨૦૨૧-૨૨ના બજેટને લઈને કેન્દ્ર સરકાર પર નિશાનો સાધ્યો અને આરોપ લગાવ્યો છે કે આ બજેટમાં સુક્ષ્મ, લઘૂ તથા મધ્યમ ઉદ્યોગો(એમએસએમઈ)ની સાથે વિશ્વાસઘાત કરવામાં આવ્યો છે. તેમણે ટ્વીટ કરી કહ્યું હતું પ્રધાનમંત્રી મોદીના ઉદ્યોગપતિ કેન્દ્રીત બજેટનો મતલબ એ છે કે સંઘર્ષ કરી રહેલા એમએસએમઈને ઓછું વ્યાજ દર પર લોન નહીં મળે અને જીએસટીમાં રાહત પણ નહીં આપવામાં આવે.

કોંગ્રેસ નેતાઓએ આરોપ લગાવ્યો છે કે ભારતમાં સૌથી વધારે લોકોને રોજગાર આપવા માટે ક્ષેત્ર એમએસએમઈની સાથે વિશ્વાસઘાત થયો છે. રાહુલ ગાંધીએ બુધવારે સામાન્ય બજેટને એક ટકા લોકોનું બજેટ ગણાવ્યું હતુ અને સવાલ કર્યો હતો કે રક્ષા ખર્ચમાં ભારે ભરખમ વધારો ન કરી દેશનું કયું ભલુ કર્યું અને આ કેવી દેશભક્તિ છે?

તેમણે કહ્યું હતું કે આપણા જવાનોની પ્રતિબદ્ધતા ૧૦૦ ટકા છે અને તેવામાં સરકારની પ્રતિબદ્ધતા પણ ૧૧૦ ટકા હોવી જોઈએ. જે પણ આપણા જવાનોને જોઈએ તે તેમને મળવું જોઈએ. આ કેવી દેશભક્તિ છે કે સેનાને પૈસા નથી આપવામાં આવી રહ્યા.

# દુનિયાના વિવિધ દેશોમાં ૭૦૦૦થી વધુ ભારતીયો જેલમાં બંધઃ સરકાર

*ન્યુ દિલ્હી,તા.૫*

કેન્દ્ર સરકારે દુનિયાના વિવિધ દેશોની જેલમાં પૂરાયેલા ભારતીયોની સંખ્યાનો આંકડો જાહેર કર્યો છે.જે પ્રમાણે ૭૦૦૦ જેટલા ભારતીયો વિવિધ જેલોમાં બંધ છે. રાજયસભામાં પૂછાયેલા એક સવાલના જવાબમાં વિદેશ રાજ્ય મંત્રી વી મુરલીધરને કહ્યુ હતુ કે, આ તમામ ભારતીયોને કાયદાકીય સહાયતા આપવામાં આવી રહી છે.જે તે દેશના ભારતીય દૂતાવાસો આ કામ કરે છે.તેમણે કહ્યુ હતુ કે, ૩૧ ડિસેમ્બર ૨૦૨૦ના આંકડા પ્રમાણે વિદેશી જેલોમાં કેદ ભારતીયોની સંખ્યા ૭૦૦૦ થવા જાય છે. આ પૈકીના સૌથી વધારે ૧૫૯૯ ભારતીયો સાઉદી અરબની જેલમાં છે.૨૬૫ ભારતીયો અમેરિકા, ૮૯૮ ભારતીયો યુએઈ, ૪૧૧ ભારતીયો કતાર, ૮૮૬ ભારતીયો નેપાળની જેલમાં બંધ છે.એ જ રીતે ૫૩૬ ભારતીયો કુવેત, ૨૨૧ ઈટાલીની જેલમાં અને ૬૩ ભારતીયો પાકિસ્તાનની જેલમાં પૂરાયેલા છે. તેમણે કહ્યુ હતુ કે, કેટલાક દેશોમાં પ્રાઈવસીના નિયમો આકરા હોવાથી કેદીઓ જ્યાં સુધી સંમતિ ના આપે ત્યાં સુધી જાણકારી આપવામાં આવતી નથી.જોકે ભારતીય દૂતાવાસ તેમના કેસ પર નજર રાખતા હોય છે અને જેલમાં ભારતીયોને કાયદાકીય સહાય પણ પૂરી પાડવામાં આવે છે.આ માટે વકીલોની એક પેનલ પણ રાખવામાં આવે છે.

# ખેડૂતો શાંતિપૂર્ણ માર્ગ છોડી દેશો તો દેશમાં મોટું સંકટ ઉભુ થશેઃ શરદ પવાર

ન્યુ દિલ્હી,તા.૫

ખેડૂત અંદોલન પર કેન્દ્ર સરકાર દ્વારા અસંવેદનશીલ વલણ અપનાવવાનો આરોપ લગાવતા નેશનલ કોંગ્રેસ પાર્ટીના પ્રમુખ શરદ પવારે કહ્યું હતું કે, જો ખેડૂતોએ પ્રદર્શનનો શાંતિપૂર્ણ માર્ગ છોડી દીધો તો દેશમાં મોટુ સંકટ ઉભુ થશે. આ માટે ભાજપ સરકાર જવાબદાર છે.

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી ચીફ શરદ પવાર એ કિસાન આંદોલનના બહાને કેન્દ્ર સરકારને એકવાર ફરી નિશાના પર લીધી છે. શરદ પવારે કહ્યું હતું કે, ખેડૂતો જો આંદોલનનો રસ્તો છોડીને કોઈ બીજી રીત અપનાવે તો તેની સંપૂર્ણ જવાબદારી ભાજપ (કેન્દ્ર) સરકારે લેવી પડશે. તેમણે કહ્યું કે, એવા ઘણા મુદ્દા છે, જેને લઈને જેના હાથમાં સત્તા છે તે સંવેદનશીલ નથી. પવાર આ અગાઉ પણ ખેડૂત આંદોલનને લઈને કોઈ નિવેદન આપી ચુક્યા છે. આ પહેલા પણ તેમણે કૃષિ કાયદાને લઈને કેન્દ્ર સરકારને નિશાના પર લીધી હતી. શરદ પવારે થોડા દિવસ પહેલા જ ટ્વીટ કરીને કહ્યું હતું કે, સુધાર એક સતત પ્રક્રિયા છે અને એપીએમસી કે બજાર સિસ્ટમમં સુધારા વિરુદ્ધ કોઈપણ વ્યક્તિ દલીલ નહીં આપે, પરંતુ તેના પર એક સકારાત્મક ચર્ચાનો તે મતલબ નથી કે આ સિસ્ટમને નબળી કે નષ્ટ કરવા માટે હોય. શરદ પવારના આરોપોનો કૃષિ મંત્રી નરેન્દ્ર સિંહ તોમરએ વિસ્તારથી જવાબ આપ્યો હતો. તબક્કાવાર ટ્વીટ કરી તોમરે કહ્યું હતું કે, નવા કૃષિ કાયદા કિસાનો માટે પોતાનો પાક વેચવા માટે નવી વ્યવસ્થા આપવાનો વિકલ્પ આવનારા છે. તે હેઠળ તે પોતાનો પાક રાજયની બહાર ગમે ત્યાં, કોઈને પણ સરળતાથી વેચી શકે છે. તેનાથી તેને પોતાના પાકની સારી કિંમત મળશે. તેનાથી હાલની એમએસપી વ્યવસ્થામાં કોઈ નુકસાન થશે નહીં.

તોમરે ઉમેર્યું હ્તું કે, નવી વ્યવસ્થા હેઠળ યાર્ડ પર કોઈ અસર થશે નહીં. તેનાથી વિપરીત સ્પર્ધા વધશે અને સર્વિસ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરના મામલામાં તેમાં બચત થશે. નવા કાયદા અંતર્ગત બન્ને વ્યવસ્થાઓ કિસાનોના હિતમાં સાથે-સાથે ચાલતી રહેશે.

## સ્ટેચ્યુ ઓફ યુનિટીના પ્રવાસીઓ માટે કેસુડાના ફૂલોનું નવું આકર્ષણ.

# વસંત પંચમી ટાણે સ્ટેચ્યુ પરિસરમાં ચારે બાજુએ પૂર બહારમાં ખીલી ઊઠેલા કેસુડાનું સૌંદર્ય પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું



રાજપીપળા ,તા ૫

વસંત પંચમી ટાણે નર્મદાના જંગલ વિસ્તારમા ચારે બાજુએ હાલ કેસુડા પૂરબહારમાં ખીલી ઉઠયા છે .ખાસ કરીને સ્ટેચ્યુ ઓફ યુનિટીના પ્રવાસીઓ માટે કેસુડાના ફૂલોનું આકર્ષણ વધ્યું છે. આ અંગે નિગમના ચેરમેન રાજીવ ગુપ્તાએ ટ્વિટર પર ટ્વિટ કર્યું છે. અને જણાવ્યું છે કે સ્ટેચ્યુ ઓફ યુનિટીના પ્રવાસીઓ માટે કેસુડાનો ફૂલોનું સૌંદર્ય અદભુત અને આકર્ષણરૂપ છે. વસંત પંચમી ટાણે પ્રવાસીઓનું આગમન થઈ રહ્યું છે ત્યારે કેસુડાના ફૂલો પ્રવાસીઓ માટે આકર્ષણરૂપ બન્યા છે. હાલ અત્યારે કેવડીયા કોલોની ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટી અને નર્મદા ડેમ વિસ્તારમાં તેમજ એકતાનર્સરી થી કેક્ટ્સ ગાર્ડનથી માંડીને ઝરવાણી, ખલવાણી સુધી

### વસંતના વધામણા લેતા કેસુડા નર્મદાની સાતપુડા અને વિઘ્યા ચલણી ગિરિમાળાઓ ની શોભા બન્યાં.

રસ્તાની આજુબાજુ ચારેબાજુ પુર બહારમાં કેસુડા ખીલ્યા છે. તો બીજી બાજુ નર્મદા ડેમ તરફથી કેનાલ ઝીરો સુધીના રસ્તે કેસુડાનું સૌંદર્ય પૂરબારમા ખીલી ઉઠ્યું છે .

નર્મદા જિલ્લા વસંત પંચમી ટાણે વાતાવરણમાં પલટો આવી ગયો છે. ઠંડુ પ્રમાણ ઘટવા માંડે છે અને થોડી ગરમી ઠંડી ના મિશ્ર આહલાદક ખુશનુમા વાતાવરણ વચ્ચે શરૂ થતી નવી વસંત ઋતુનો પ્રારંભ થતાં નવી ચેતનાઓનો સંચાર થયો છે. હજી શિયાળાની ઠંડીનો માહોલ જામી રહ્યો છે, નર્મદામાં વસંતટાણે ફેર કેસુડા ખીલી ઊઠયા છે. જોકે નર્મદાના વસંતના વધામણા લેતા કેસુડા નર્મદાની સાતપુડા ની ગિરિમાળા વચ્ચે વિધયાચલની ગિરીમાળાની શોભા બન્યા છે. ઋતુ પરિવર્તનના સંકેત આપતા ફાગણના લાલ ચટક કેસરી કેસુડાના ફુલ નર્મદાના જંગલ, વન વગડામાં પૂરમાં ખીલી ઊઠેલા જોવા મળી રહ્યા છે. આમતો કેસુડો વસંત ઋતુ નો પર્યાય ગણાય છે, કેસુડા જ્યારે ખીલે રે ત્યારે કેસરી ફૂલ જંગલની શોભા બની જાય છે.હવેવેલી ઓફ ફલાવર ની સાથે પ્રવાસીઓ માટે કેસુડા ના ફૂલોનું સૌંદર્ય ખાસ આકર્ષણ નું કેન્દ્ર બન્યા છે પ્રવાસીઓ રસ્તે પોતાના વાહનો ઊભા રાખી કેસુડા સાથે ફોટા પાડી સેલ્ફી પણ લઇ રહ્યા છે.

તસવીર: જ્યોતિ જગતાપ,રાજપીપળા

## બાંટવા શહેરમાં પોલીસ દ્વારા વાહન ચેકીંગ હાથ ધરાયું



બાંટવા શહેરમાં નવ નિયુક્ત મહિલાપીએસઆઇ પ્રિતી એસ.ઝાલા અને પોલીસ સ્ટાફ દ્વારા શહેરમાં સધન વાહન ચેકીંગ હાથ ધરાવામાં આવ્યું હતુ આગામી સ્થાનિક સ્વરાજયની ચૂંટણી ને અનુલક્ષીને વાહન ચેકીંગ કરવામાં આવ્યું હતુ જેમાં સીટ બેલ્ટ વગરના, ત્રિપલ સવારી, માસ્ક વગરના વગેરે લોકો પોલીસ ઝપટે ચડી ગયા હતા અને છ એન.સી.કેસો કરી ૩૦૦૦ રૂપિયા નો દંડ વસુલ કરવામાં આવાયો હતો આ વાહન ચેકીંગ માં પીએસઆઇ ઝાલા અને પોલીસ સ્ટાફ જોડાયો હતો

તસ્વીર - અહેવાલ - જીજ્ઞેશ પટેલ માણાવદર

## જિલ્લામાં આજે RTPCR ટેસ્ટમાં વધુ ૦૫ પોઝિટિવ કેસ નોંધાયા

રાજપીપલા,તા ૫

COVID-19 મહામારીને અનુલક્ષીને નર્મદા જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગના એપીડેમીક મેડિકલ ઓફિસર ડૉ. આર.એસ.કશ્યપ તરફથી આજે તા.૦૫ થી ફેબ્રુઆરી, ૨૦૨૧ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે પ્રાપ્ત થયેલી જાણકારી મુજબ કોરોના વાયરસના જિલ્લામાં આજે ઈૅઝઇ ટેસ્ટમાં વધુ ૦૫ પોઝિટિવ કેસ નોંધાયા છે. આમ, જિલ્લામાં આજદિન સુધી RTPCR ટેસ્ટમાં ૯૦૮, એન્ટીજન (રેપિડ) ટેસ્ટમાં ૮૬૭ અને ટ્રૂ નેટ (True nat) ટેસ્ટમાં ૬૭ દરદીઓ સહિત જિલ્લામા પોઝિટિવ દરદીઓની કુલ સંખ્યા ૧૮૪૨ નોંધાવા પામી છે. કોવિડ હોસ્પિટલમાંથી સાજા થયેલા જિલ્લામાં આજદિન સુધી કોવીડ હોસ્પિટલમાંથી સાજા થયેલા ૮૯૫ દરદીઓ, કોવીડ કેર સેન્ટરમાંથી સાજા થયેલા ૯૧૬ દરદીઓ સહિત કુલ-૧૮૧૧ દરદીઓને રજા આપવામાં આવી છે. આમ, કોવીદ મા ૦૯ અનેહોમ આઇસોલેશનમા ૦૯ દરદીઓ ઉપરાંત, ભરૂચ ખાતે ૦૮ અને વડોદરા ખાતે ૦૮ દરદીઓ સહિત કુલ-૨૩ દરદીઓ સારવાર હેઠળ છે.

આજે RTPCR ટેસ્ટમાં ૦૯ અને એન્ટીજન (રેપિડ) ટેસ્ટમાં ૨૦૩ સહિત કુલ-૨૧૨ ટેસ્ટ સેમ્પલ ચકાસણી માટે એકત્ર કરાયેલ છે.

પ્રાપ્ત થયેલ અહેવાલ મુજબ નર્મદા જિલ્લામાં આજે તા.૦૫ થી ફેબ્રુઆરી, ૨૦૨૧ ના રોજ આરોગ્ય ટૂકડીઓ દ્વારા કુલ-૩૯૫૪૧ વ્યક્તિઓનું ડોર-ટુ-ડોર સર્વે કરવામાં આવ્યું છે, જેમાં શરદી-ખાંસીના ૧૩ દરદીઓ, તાવના ૦૯ દરદીઓ, ઝાડાના ૧૨ દરદીઓ સહિત કુલ-૩૪ જેટલા દરદીઓ ઉકત ચકાસણી દરમિયાન મળી આવતાં આ દરદીઓને જરૂરી સારવાર પુરી પાડવામાં આવી છે. તેની સાથોસાથ આયુર્વેદિક ઉકાળાનો આજદિન સુધી ૧૦૦૦૧૬૧ લોકોએ લાભ લીધો હતો અને હોમિયોપેથી રક્ષણાત્મક ઉપાય તરીકે આર્સેનિક આલ્બમ-૩૦ પોટેન્સી ગોળી ૯૦૩૨૯૭ લોકોને વિતરણ કરાઇ છે.

તસવીર:જયોતિ જગતાપ, રાજપીપળા

## સુરત મેટ્રો માટે સોઈલ ટેસ્ટિંગ શરૂ કરીને શ્રીગણેશ કરાયા

સુરત,તા.૫

સુરતમાં મેટ્રો પ્રોજેકટના સૌથી મોટા સમાચાર સામે આવી રહ્યા છે. સુરત મેટ્રો માટે સોઈલ ટેસ્ટિંગ શરૂ કરીને શ્રીગણેશ કરાયા છે. ૨૦૦ જેટલા ઈજનેરો દ્વારા મેટ્રોનું કામ શરૂ કરાયું છે. શરૂઆત ૧૧ કિમીમાં ૬૦૦ પીલર બનાવાથી કામગીરીનો આરંભ કરાશે. મેટ્રો માટે એકસાથે ૪ જગ્યા પર કન્સ્ટ્રક્શન શરૂ થશે. પીલર માટે બોરિંગ કરવા માટે ૧૫ હાઈડ્રોલિક રિંગ મશીનનો ઉપયોગ કરવામાં આવશે. આ પ્રોજેક્ટમાં સૌથી મોટી ચેલેન્જ એ છે કે ટાઈમ પર કામ પૂર્ણ થાય. ટેકસટાઇલ અને ડાયમન્ડ કોરિયોદોર નામ આપવામાં આવ્યા છે. મેટ્રો ટ્રેનથી આજુ બાજુની મિલકતમાં ધ્રુજારી નહીં આવે. સુરત શહેરના મેટ્રો રેલ પ્રોજેક્ટ માટે ફ્રાન્સ સરકારે ૨ હજાર ૨૧૧ કરોડ રૂપિયાનું ભંડોળ આપવાનો નિર્ણય કર્યો છે.

થોડા સમય પહેલાં ફ્રાંસના અધિકારીઓએ સુરતના સૂચિત મેટ્રો રેલવે પ્રોજેક્ટની મુલાકાત લીધી હતી. સુરત મેટ્રો રેલવે માટે કેન્દ્રના નાણાં મંત્રાલય અને ફ્રાન્સ સરકાર વચ્ચે સમજૂતી કરાર કરવામાં આવ્યા છે. સુરત શહેરમાં બે રુટમાં મેટ્રો શરુ થશે. જેમાં એક રૂટ સરથાણાથી ડ્રીમ સીટીનો રહેશે. જે ૨૧.૬૧ કિમીનો છે.

## મહારાષ્ટ્રથી સુરત લગ્ન પ્રસંગમાં આવી રહેલી લકઝરીનો ગમખ્વાર અકસ્માત, ત્રણના મોત

તાપી,તા.૫

તાપી જિલ્લાના બાજીપુરા નજીક સુરત-ધુલિયા હાઈવે પર બસ અને ટેક્રર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જોયો હતો, જેમાં ઘટનાસ્થળે જ ત્રણનાં મોત થયાં છે, જ્યારે સાત જેટલા ઈજાગ્રસ્ત થયા છે. જાનની બસ ટેક્રરમાં ઘૂસી જતાં ખુશીના પ્રસંગમાં માતમ છવાઈ ગયો છે. ઘટનાની જાણ થતાં પોલીસ પણ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડાયા છે, જ્યારે ઈજાગ્રસ્તોને પણ સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. મહારાષ્ટ્રના માલેગાંવથી સુરત લગ્નમાં આવી રહેલી લક્ઝરી બસને તાપી જિલ્લાના બાજીપુરા નજીક સુરત-ધુલિયા હાઈવે પર અકસ્માત નડ્યો હતો. જાનની બસ ટેક્રરમાં ઘૂસી જતાં ઘટનાસ્થળે જ ત્રણનાં મોત થયાં હતાં, જ્યારે સાત જેટલા ઈજાગ્રસ્ત થયા હતા. અકસ્માતને કારણે રોડ ચિચિયારીઓથી ગુંજી ઊઠ્યો હતો. ઘટનાની જાણ થતાં આસપાસથી લોકો દોડી આવ્યા હતા અને પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી હતી. મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે અને ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડ્યા હતા.

જ્યારે ત્રણ ગંભીર ઈજાગ્રસ્ત થયેલાને સુરત સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે, જેમાં નઈમ હાજી રસીદ મણિયાર (ઉં.વ.૫૧ રહે. કોપર ગામ મહારાષ્ટ્ર), અઝહર અઝ્ઝી મણિયાર (ઉં.વ.૨૨ રહે. એજન) અને નૂર મહંમદ ફકીર મહંમદ (ઉં.વ.૪૫ રહે. નંદુરબાર, મહારાષ્ટ્ર)નો સમાવેશ થાય છે. મહારાષ્ટ્રના માલેગાંવથી બસ રાત્રે ૧૧ કલાકે ઊપડી હતી. વરરાજા મદસ્સિરની જાન સુરતના લિંબાયત ખાતે લઈને જવાના હતા. મુસાફરો ઊંઘમાં જ હતા અને ૬:૧૫ કલાકે બસ ટેક્રરમાં ઘૂસી ગઈ હતી. અકસ્માત ગંભીર હોઈ એક ઈસમ લક્ઝરી બસમાં ફસાઈ ગયો હતો, જેને ૮:૩૦ કલાકે બહાર કાઢવામાં આવ્યો હતો અને તે વ્યક્તિના શરીરનો ખુરદો થઈ ગયો હતો. હાલ મરણ પામનારા પૈકી પતિ-પત્ની અને એક અન્ય પુરુષ હોવાનું જાણવા મળ્યું છે. મહારાષ્ટ્રના માલેગાવથી જામ સુરતના લિંબાયત ખાતે આવતી હતી.

બસમાં અંદાજે ૩૫ જટેલા જાનૈયાઓ હતા. અકસ્માતમાં ડ્રાઈવર ઈજાગ્રસ્ત હોય વ્યારા હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો છે. જ્યારે અન્ય સાત પણ ઈજાગ્રસ્ત હોવાથી સારવાર અર્થે ખસેડ્યા છે. જ્યારે ત્રણ ઈજાગ્રસ્તને સુરત સિવિલ હોસ્પિટલ લાવવામાં આવ્યા છે. બસ ફૂલ સ્પીડમાં હોવાના કારણે હાઈવે પર સાઈડમાં ઉભેલું ટેક્રર ડ્રાઈવરને નજરે ન પડ્યું હોવાનું અનુમાન છે. ધડાકાભેર બસ ટેક્રરમાં ઘૂસી જતા કંડક્ટર તરફનો ૪૦ ટકા ભાગનો ખુરદો બોલી ગયો છે. જોકે, સ્લીપર કોચ બસ હોવાના કારણે જાનહાનિ ઓછી થઈ હોવાની શક્યતા છે.

## લોકસભા પૂર્વ સાંસદ રામસિંહ રાઠવા ભારતીય જનતા પાર્ટી અનુસૂચિત જાતિ મોરચાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ તરીકે નિમાયા



રાજપીપળા,તા. ૫

હાલ ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ આવી હોવાથી ભાજપના આગેવાનોને મહત્વની જવાબદારી આપવામાં આવી છે.જેમાં છોટાઉદેપુર લોકસભા ક્ષેત્રના પૂર્વ સાંસદ રામસિંહ રાઠવાના ભારતીય જનતા પાર્ટી અનુસુચિત જન જાતિ મોરચાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.તે બદલ કાર્યકરોએ અભિનંદન પાઠવ્યા હતા.

રિપોર્ટ : jyoti જગતાપ, રાજપીપળા

## ગરૂડેશ્વર તાલુકાના અંકતેશ્વર ત્રણ રસ્તા પાસે લગ્ન પ્રસંગમાં મારામારીની અદાવતે લોખંડનું વડે હુમલો

રાજપીપળા,તા. ૫

ગરૂડેશ્વર તાલુકાના અંકતેશ્વર ત્રણ રસ્તા પાસે લગ્ન પ્રસંગમાં મારામારીની અદાવતે લોખંડના કળા વડે જીવલેણ હુમલો કરતાં એકને ગંભીર ઈજા થવા પામી હતી.અને જાનથી મારી નાખવાની ધમકી આપતા બે ઈસમો સામે ગરૂડેશ્વર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.જેમાં ફરિયાદી રાજુલભાઈ સુમનભાઈ તડવી (મૂળ રહે,કાટકોઇ હાલ રહે અંકતેશ્વર) બસ સ્ટેન્ડ પાસે એ આરોપી પ્રતાપભાઈ ગોપાલભાઈ તડવી, રાજુભાઈ તડવી બંને (રહે,ગરુડેશ્વર બજાર )સામે ફરિયાદ કરી છે. ફરિયાદની વિગત મુજબ ફરિયાદી રાહૂલભાઈ તથા આરોપીઓ ગરુડેશ્વર બજારમાં રહેતા શ્રવણભાઈ ના લગ્ન માં રાત્રે બેન્ડ વાગતું હતું.તેમાં જેમાં નાચતા હતા,તે વખતે પ્રતાપભાઈ, રાજુભાઈએ રાહુલભાઈ ને બે ત્રણ તમાચા મારી દીધેલ અને પબ્લિકના માણસો વચ્ચે પડતાં છુટા પાડેલ અને તેઓ તેઓ આંકતેશ્વેર રાજા શો રૂમ પર બેઠા હતા.તે વખતે બજાજ પલ્સર મોટર સાયકલ ઉપર બેસી આવી પ્રતાપભાઈ, રાહુલભાઈ ને ઢીકાપાટુનો માર મારવા લાગેલ અને આરોપી રાજુભાઈ એ પોતાના હાથમાં પહેરેલી લોખંડનું કંડુ માથાના ભાગે મારી દીધેલ અને બંને ઈસમોએ જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી જતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રિપોર્ટઃ જ્યોતિ જગતાપ, રાજપીપળા

## અમદાવાદ સહિત ૪ મહાનગરોની નીચલી કોર્ટોમાં ૧ માર્ચથી ફિઝિકલ સુનાવણી શરૂ થશે

અમદાવાદ,તા.૫

ગુજરાતમાં અમદાવાદ સહિત ૪ મેટ્રો સિટીની નીચલી કોર્ટોમાં ૧ માર્ચથી ફિઝિકલ સુનાવણીનો પ્રારંભ થશે. ગુજરાત હાઈકોર્ટે વડોદરા, સુરત, રાજકોટ અને સુરતમાં માઈક્રો કન્ટેમનમેન્ટ વિસ્તાર બહાર આવેલી નીચલી કોર્ટમાં ૧લી માર્ચ ૨૦૨૧થી ફિઝિકલ સુનાવણી શરૂ કરવાનો નિર્દેશ કર્યો છે. જો કે તેના માટે કોરોનાથી બચાવની તમામ ગાઈડલાઈનનું પાલન કરવું પડશે. ગુજરાત હાઈકોર્ટના રજીસ્ટ્રી દ્વારા બહાર પાડવામાં આવેલા પરિપત્રમાં જણાવવામાં આવ્યું છે કે ૧લી માર્ચ ૨૦૨૧થી અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટમાં માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન બહાર આવેલી સેશન્સ કોર્ટ સહિત નીચલી અદાલતોમાં રેગ્યુલર ફિઝિકલ સુનાવણી સવારના ૧૦:૪૫ થી સાંજના ૬:૧૦ વાગ્યે સુધી હાથ ધરવામાં આવશે. ગુજરાત હાઈકોર્ટમાં ફિઝિકલ સુનાવણી ક્યારે શરૂ થશે તેની કોઈ જાહેરાત હાલ કરવામાં આવી નથી. દરેક કોર્ટમાં કોવિડ-૧૯ અધિકારીની નિમણુંક કરવાનું અનિવાર્ય રહેશે. માસ્ક પહેર્યા વગર કોઈપણ વકીલ કે સ્ટાફના લોકોને કોર્ટમાં હાજરી આપવામાં આવશે નહિ. કોર્ટમાં પ્રવેશવાના માર્ગ પર તમામને ફરજિયાત પ્રમાણે થર્મલ સ્ક્રીનિંગથી શરીરનું તાપમાન ચેક કરાવવાનું રહેશે. કોર્ટ રૂમ, બેઠકો, ડાયસ વગેરે, કેસ વિન્ડો તમામને સંપૂર્ણ સેનેટાઈઝ કરવાની રહેશે. તમામ જ્યુડિશિયલ અધિકારી, વકીલ અને સ્ટાફના લોકોને આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરવું ફરજીયાત રહેશે. કોર્ટ પરિસરમાં આવેલા એટીએમને બંધ રાખવામાં આવશે. ગુજરાત હાઈકોર્ટના પરિપત્રમાં વધુમાં જણાવવામાં આવ્યું છે કે પ્રિન્સિપાલ જજ પીડબલ્યુડી અને માર્ગ – મકાન વિભાગને જ્યુડિશિયલ અધિકારી અને વકીલોને બેસવા વચ્ચે પ્લેક્સી ગ્લાસ લગાડવાનો આદેશ કર્યો છે.



**શ્રી રામ જન્મ ભુમી મંદીર નિર્માણ નિધી સમર્પણ કરતાં પણ.પ.પુ.મહામંડલેશ્રવર શ્રી દિલીપદાસજી મહારાજ જગન્નાથ મંદિર તથા ટ્રસ્ટી શ્રી મહેન્દ્રભાઈ ઝા દ્વારા રુ ૫૫૧૧૧૧ વિશ્ર્વ હિન્દુ પરિષદ ગુજરાત ક્ષેત્ર ના મહામંત્રી શ્રી અશોકભાઈ રાવલ ઉ.ગુજરાત મંત્રી શ્રી અશ્રવીન ભાઈ પટેલ ઉ.ગુરાત સંગઠન મંત્રી ધર્માચાર્ય સંપર્ક પ્રમુખ શ્રી ધિરુભાઈ કપુરીયા ને અપેણ કર્યા ફોટો સ્ટોરી કુશલ ભાઈ ભટ્ટ**

## ધ્યાન-અભ્યાસ દ્વારા ભગવાનના પ્રેમનો અનુભવ કરીએ - સંત રાજીન્દર સિંહજી મહારાજ



ઘણા લોકોને લાગે છે કે આપણે બ્રહ્માંડમાં એકલા છે. આપણે આશ્ચર્ય કરીએ છીએ કે શું ભગવાન છે, અને જો એક છે, તો ભગવાન આપણા વિશે પણ કેવી રીતે જાણશે કારણ કે વિશ્વમાં અબજો લોકો છે.વિજ્ઞાનના આ યુગમાં, ભગવાનને એવી શક્તિમાં વિશ્વાસ કરવો મુશ્કેલ છે કે જે આપણું સર્જન કરી શકે અને આપણને પ્રેમ કરી શકે. અમને લાગે છે કે પ્રેમ આપણે મનુષ્ય તરીકે જાણીએ છીએ, જેમ કે માતાપિતા અને બાળકો, પ્રેમીઓ અને પ્રિયજનો, જીવનસાથી અથવા પરિવારો વચ્ચેનો પ્રેમ. આપણે આ શારીરિક આંખોથી ભગવાનને જોવા માટે અસમર્થ છીએ, કે આપણે આપણા બહારના કાનથી ભગવાનને સાંભળી શકતા નથી. આમ, આપણે વિચારીએ છીએ કે કદાચ ભગવાનનું અસ્તિત્વ નથી.

જો કે, ભગવાન ત્યાં છે અને તે અમને બધા ક્ષણો માં આપણે પ્રેમથી સ્વીકારે છે. ફક્ત એટલા માટે કે આપણે તે પ્રેમથી પરિચિત નથી, એનો અર્થ એ નથી કે ભગવાન ત્યાં નથી. જેમ બાળકો તેમના માતાપિતાના તેમના પ્રત્યેના પ્રેમની તીવ્રતાને જાણી શકતા નથી, તેમ આપણે જાણી શકતા નથી કે ભગવાનને આપણા માટે અપાર પ્રેમ છે. આપણે હંમેશાં ભગવાનના રક્ષણાત્મક આલિંગનમાં વીંટળાઈએ છીએ.તે પ્રેમની અને રચનાની રક્ષણાત્મક છે જે તેના પ્રેમની શક્તિથી અસ્તિત્વમાં છે. ભગવાન એ સૃષ્ટિને પ્રેમની બહાર બનાવવાની અને તે જ ઇચ્છાની રચના કરી.

આપણે બધા ધ્યાન-અભ્યાસ દ્વારા ભગવાનના અંદરના પ્રેમનો અનુભવ કરી શકીએ છીએ. જેમ જેમ આપણે ધ્યાન આપીએ છીએ અને ઈશ્વરના આંતરિક પ્રકાશ અને અવાજ સાથે જોડીએ છીએ, ત્યારે આપણે ભગવાનના પ્રેમ અને પ્રકાશથી પ્રભાવિત થઈશું, અને આપણા જીવનમાં ભગવાનની હાજરીનો અનુભવ કરીશું.

જ્યારે આપણે ધ્યાન કરીશું ત્યારે આંતરિક ક્ષેત્ર - શાંતિ અને પ્રેમ સાથે સંપર્ક કરીશું અને ભગવાનની અંદરના દૈવી પ્રેમનો અનુભવ કરીએ છીએ, ત્યારે આપણે આનંદ, આનંદ અને આનંદથી પ્રભાવિત થઈશું. આ અનુભવ આપણું ધ્યાન વિશ્વના તાણ અને પીડાથી દૂર લઈ જાય છે. જેમ જેમ આપણે ધ્યાનમાં સમય પસાર કરીએ છીએ, તેમ આપણે શાંતિ પ્રાપ્ત કરીએ છીએ. તે આપણી અંદર આનંદ અને શાંતિનું ખાનગી એકાંત પણ આપે છે. - સંત રાજીન્દર સિંહજી મહારાજ






Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.